RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER
Year : 15 Issue : 259 Dt. 14-04-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### લખતર નજીક સાત પદયાત્રી ઉપર કાળમુખું ડમ્પર ફરી વળ્યું : ઉભેલા ટ્રકના ડ્રાઈવર-કલીનરના પણ મોત

# બેકાબુ ડમ્પરે રાજકોટના ૭ સહિત ૯ની જીંદગી કચડી

## ગમખ્વાર અકસ્માતમાં ભરવાડ સમાજના સાત-સાત વ્યક્તિઓના ભોગ લેવાતા અરેરાટી







રાજકોટ, તા.૧૩

લખતરના ભાસ્કરપરા ગામની સીમમાં બેફામ ગતિએ દોડતા એક ટ્રક ચાલકે શ્રદ્ધાના માર્ગે નીકળેલા રાજકોટ નજીકના ગઢકા ગામના પદયાત્રીઓના સંઘને કચડી નાખતા ભરવાડ સમાજના ૭ સહિત ૯ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. ભરવાડ પરિવારના મસાભાઈ કરસનભાઈ મુંધવા, તેમના પત્ની જુલુબેન મુસાભાઈ મુંધવા, રાણીબેન મંગાભાઈ લાંબરીયા, જાશુબેન વેલાભાઈ મુંધવા, વિજુબેન પ્રવીણભાઈ મુંધવા, વજીબેન વિભાભાઈ મુંધવા અને ઉભેલા ટ્રકના ચાલક-ક્લીનર મળી ૯ના સ્થળે જ મોત નીપજ્યા હતા. સાત મૃતકો રાજકોટ શહેર, ખારચિયા અને સરધાર પંથકના હોવાથી જીલ્લાભરના ભરવાડ સમાજમાં શોકનું મોજું ફેલાયું છે.

રાજકોટ ગઢકાથી મેરા જઈ રહેલા ભરવાડ સમાજના યાત્રાળુઓના સંઘને આ ગોઝારો અકસ્માત નડ્યો હતો. પદયાત્રીઓ જ્યારે છારદ અને ભાસ્કરપરા વચ્ચે પહોંચ્યા, ત્યારે પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલા એક ડમ્પરના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી એક સાથે તમામને હડફેટે લઇ કચડી નાખ્યા હતા.

ગોજારા અકસ્માતમાં રાજકોટ તાલુકાના ખારચિયા ગામના મસાભાઇ કરશનભાઈ મુંધવા તેમના પત્ની જાલુબેન મસાભાઇ મુંધવા, રાણીબેન મંગાભાઇ લાંબરીયા(રાજકોટના દીકરી), અને સરધારના વજીબેન વીભાભાઇ મુંધવા સહિત કુલ ૭ લોકોના પ્રાણ પંખેરુ ઉડી ગયા હતા. અકસ્માતને પગલે યાત્રાળુઓની કરુણ ચીસોથી હાઈવે ગુંજી ઉઠ્યો હતો. ઘટનાની જાણ થતા જ લખતર પોલીસ કાફલો ત્વરિત ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે લખતર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા ગેડીયા મહંત સહિત વિવિધ સમાજના અગ્રણીઓ હોસ્પિટલ દોડી આવ્યા હતા. ભરવાડ સમાજના એકસાથે ૭ સભ્યોના મોતથી સમગ્ર માલધારી સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

લખતર વિરમગામ હાઈવે પર મધ્ય રાત્રે થયેલા ગોઝારા અકસ્માતમાં ભરવાડ સમાજમાં નવ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ ગોઝારી ઘટનાના પગલે દસાડા લખતરના ધારાસભ્ય પી. કે. પરમાર, ઈન્ચાર્જ એસપી વેદિકા બિહાની ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ઘટના અંગે સંપૂર્ણ જાણકારી મેળવી હતી.

રાજકોટથી મેરા પગપાળા જઈ રહેલા ભરવાડ સમાજના સંઘ પર બેફામ દોડતો ટ્રક ફરી વળતા ભરવાડ સમાજના સાત લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ ગોઝારી ઘટનાની જાણ થતાં ભરવાડ સમાજની જગ્યા ગેડીયાના મહંત લાલદાસ બાપુ પણ તાકીદે ઘટના સ્થળે દોડી ગયા હતા. અને મૃતક ભરવાડ સમાજના પરિવારજનોને મળીને સાંત્વના પાઠવી હતી. ગોજારી ઘટનાથી સમગ્ર પંથક અને ભરવાડ સમાજમાં ઘેરો શોક વ્યાપી ગયો છે, તેમજ હાઈવે પરની સુરક્ષા વ્યવસ્થા સામે પુનઃ ગંભીર પ્રશ્નાર્થ ચિન્હ ઊભા થયા છે. બનાવ બાબતે શહેરના કોંગ્રેસી આગેવાન રણજીત મુંધવાએ ''રાજકોટ મિરર''ને પુરક વિગતો આપી ઘેરો શોક વ્યક્ત કર્યો હતો. અકસ્માતને પગલે પાત્રાળુઓની કરણ ચીસોથી હાઈવે ગુંજી ઉઠયો હતો.ઘટનાની જાણ થતા જ એસપી, ડીવાયએસપી અને લખતર પોલીસ કાફલો ત્વરિત ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે લખતર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા ગેડીયા મહંત શક્તિ વિવિધ સમાજના અગ્રણીઓ હોસ્પિટલ દોડી આવ્યા હતા.ભરવાડ સમાજના એકસાથે ૭ સભ્યોના મોતથી સમગ્ર માલધારી સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રત્યક્ષદર્શી રાજુભાઈએ જણાવ્યું કે, તે તેમના પરિવારને લઈને વિરમગામ જતો હતો. રસ્તા પર એક ડમ્પર પડયું હતું. તે કદાચ ટાયર બદલાવતો હતો. સાઈડમાંથી પદયાત્રીઓ ચાલીને જતા હતા. આ દરમિયાન અન્ય એક ટ્રકવાળો આવ્યો એણે બ્રેક ન મારી અને ચાલતા લોકોને કચડી નાખ્યા હતા. અમે તે બાદ ૧૦૮ અને પોલીસને જાણ કરી હતી. આ લોકો ગઢકાથી મેરા ગામે જતા હોય તેવું જાણવા મળ્યું છે. પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે પોલીસે અને સ્થાનિકોએ મૃતદેહોના અંગોને એકત્ર કરવા માટે કોથળાઓનો ઉપયોગ કરવો પડયો હતો અને ત્યારબાદ આ અવશેષોને ટ્રેક્ટરમાં ભરીને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ દ્રશ્યો જોઈને મજબૂત કાળજાના માનવીઓ પણ ધ્રુજી ઉઠયા હતા.

### વઢવાણ-લખતર હાઈવે પર અગાઉ ૮નો લેવાયો'તો ભોગ

રવિવારની કરૂણ ઘટનાની સમગ્ર રાજકોટ પંથકમાં અરેરાટી વ્યાપી છે. ત્યારે અત્રે એ ઉલ્લેખનીય છે કે આઠ મહિના પહેલા ઓગસ્ટ મહિનામાં પણ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ-લખતર હાઇવે પર બે કાર વચ્ચે અકસ્માત બાદ આગ લાગતા એક બાળકી સહિત આઠ લોકો જીવતા ભૂંજાયા હોવાની ઘટના સામે આવી હતી. વઢવાણ-લખતર હાઇવે પર આવેલા ઝમર અને દેદાદરા ગામ વચ્ચે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયા બાદ એક કાર રોડની સાઇડમાં ખાબક્યા બાદ સળગી ઉઠી હતી. જેમાં સળગી ઉઠેલ કારમાં સવાર ધંધુકા તાલુકાના ઝીઝર ગામના અને લખતરના કડુ ગામના સગા સંબંધીઓના કુલ આઠ લોકોના મોત નિપજ્યા હતા

# મતદારોની બાયોમેટ્રિક તપાસ જરૂરી : સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૧૩

સુપ્રીમ કોર્ટે સોમવારે ડુપ્લિકેટ અને છેતરપિંડીભર્યા મતદાનને રોકવા માટે મતદાન મથકો પર ફિંગરપ્રિન્ટ અને ચહેરાની ઓળખ બાયોમેટ્રિક ઓળખ લાગુ કરવાની માંગ કરતી અરજીની તપાસ કરવા સંમતિ આપી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની આગેવાની હેઠળની બેન્ચે કેન્દ્ર, ભારતના ચૂંટણી પંચ અને ઘણા રાજ્યોને નોટિસ જારી કરીને આ બાબતે તેમના જવાબો માંગ્યા છે. જો કે, કોર્ટે સ્પષ્ટ કર્યું કે ચાલુ રાજ્ય વિધાનસભા ચૂંટણીઓ માટે આ પ્રકારની કામગીરી કરી શકાતી નથી. આગામી સંસદીય ચૂંટણી અને/અથવા રાજ્ય વિધાનસભા ચૂંટણી પહેલાં આવો ઉપાય અપનાવવો યોગ્ય છે કે કેમ તેની તપાસ કરવાની જરૂર છે.

કોર્ટે નોંધ્યું કે મતદાન મથકો પર બાયોમેટ્રિક અને ફેશિયલ ઓથેન્ટિકેશન શરૂ કરવું એ એક સરળ વહીવટી કવાયત નહીં હોય, તેમણે નિર્દેશ કર્યો કે તેના માટે હાલના નિયમોમાં સુધારાની જરૂર પડશે અને તેના પર નોંધપાત્ર નાણાકીય બોજ પડશે. ચૂંટણી સુધારાઓ પર ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે આ વાત સામે આવી છે, કોર્ટ હવે ભવિષ્યની ચૂંટણીઓ પહેલાં ભારતની ચૂંટણી પ્રક્રિયામાં બાયોમેટ્રિક ચકાસણી જેવા તકનીકી હસ્તક્ષેપોને એકીકૃત કરી શકાય છે કે કેમ તે ધ્યાનમાં લેવા માટે તૈયાર છે.



ડુપ્લિકેટ મતદાનને રોકવા માટેની અરજી સાથે SC સંમત

### ૧૩ હજાર સૈનિકો, ૧૮ ફાઈટર જેટ સાઉદી અરેબિયા મોકલ્યા

# નાપાકનો બેવડો 'નકાબ' ચિરાયો

નવી દિલ્હી, તા.૧૩

અમેરિકા-ઈરાન વચ્ચે મધ્યસ્થી કરાવવાની જવાબદારી લેનાર પાકિસ્તાનને ઈરાન સાથે 'ડબલ ગેમ' શરૂ કરી દીધી હોવાની માહિતી સામે આવી છે. પાકિસ્તાનને કદાચ એ ખબર નથી કે, મધ્યસ્થી એટલે બે પક્ષો વચ્ચે ન્યાય કરાવવાનો હોય છે. વાસ્તવમાં પાકિસ્તાને પોતાના ૧૩ હજાર સૈનિકો અને ૧૦થી ૧૮ જેટલા ફાઈટેર જેટ સાઉદી અરેબિયા મોકલ્યા છે. તેણે ખાટી દેશના દરિયા કિનારે એક એરબેઝ પર પોતાની વાયુસેના તહેનાત કરી દીધી છે. પાકિસ્તાને એવા સમયે આ નિર્ણય લીધો છે, જ્યારે તેણે પોતાની રાજધાની ઈસ્લામાબાદમાં શનિવાર-રવિવારે અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ મંત્રણા યોજવાની મેજબાની કરી હતી. જોકે આ મંત્રણા નિષ્ફળ ગઈ છે અને ફરી યુદ્ધના વાદળો ઘેરાવાનું શરૂ થઈ ગયા છે. આમ તો પાકિસ્તાન શાંતિ પ્રક્રિયા પર વિશ્વાસ રાખતું હોવાનો દાવો કરતો આવ્યો છે, પરંતુ ખાડી દેશોમાં સેના તહેનાત કરવા મામલે તેણે કહ્યું છે કે, તેણે સાઉદી અરેબિયામાં રક્ષણના ભાગરૂપે સેના તહેનાત કરી છે, તે કોઈના પર હુમલો કરવા માટે નહીં, પરંતુ તે દેશની રક્ષા કરવા માટે ગઈ છે. જોકે સાઉદીમાં પાકિસ્તાની વાયુસેનાની હાજરીએ ઈરાન સામે એક સવાલ ઉભો કર્યો છે... અને એ સવાલ એ છે કે, યુદ્ધવિરામ ખતમ થયા બાદ કદાચ યુદ્ધ ફરી શરૂ થાય તો શું પાકિસ્તાન તે દેશના ફાઈટર જેટ વિમાનોને ટાર્ગેટ કરવાનું જોખમ ઉઠાવશે.

સિડની યુનિવર્સિટી ઓફ ટેકનોલોજીમાં દક્ષિણ એશિયા સુરક્ષા નિષ્ણાત મુહમ્મદ ફૈસલે કહ્યું કે, 'પાકિસ્તાને આ નિર્ણય સાઉદી અરેબેયિના વિશ્વાસ આપવા માટે લીધો છે. વાયુસેનાને માત્ર સાઉદીનું રક્ષણ કરવા માટે મોકલાઈ છે. સાઉદી પોતાના પૂર્વ પ્રાંતના તેલ પ્લાન્ટ પર ઈરાની હુમલાઓના કારણે પહેલેથી જ અસ્થિર થઈ ગયું છે. જોકે સાઉદીમાં પાકિસ્તાની સેનાની હાજરી ઈરાન સામે ધર્મસંકટ ઉભું કરી શકે છે, કારણ કે ઈરાન જ્યારે હુમલો કરશે ત્યારે તેણે પાકિસ્તાની વિમાનોને નુકશાન ન થાય તે પર ધ્યાન આપવું પડશે.'







# જાગૃત ડોક્ટરો સમાજમાં લાવી શકે પરિવર્તન : રાષ્ટ્રપતિ

## રાષ્ટ્રપતિ રાજકોટ એઈમ્સના પદવીદાન સમારોહમાં રહ્યા ઉપસ્થિત : MBBSની પ્રથમ બેચના ૫૦ છાત્રોને ડિગ્રી એનાયત





રાજકોટ તા. ૧૩

દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગઈકાલે રાજકોટ એઈમ્સ (અઈઈખજ)ના પ્રથમ પદવીદાન સમારોહમાં અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ સંબોધન કરતાં કહ્યું કે, દેશભરમાં પરવડે તેવા ખર્ચે ઉચ્ચ કક્ષાની આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે ઘણી એઈમ્સની સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થાઓ ઉત્તમ તબીબી શિક્ષણ, સંશોધન અને નવી શોધોને પ્રોત્સાહન, જાહેર આરોગ્ય સેવા અને રાષ્ટ્રીય આરોગ્ય નીતિઓ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. તેમણે કહ્યું કે, નવા સંશોધનો અને દર્દીઓની સારવાર દ્વારા આરોગ્ય સેવાઓને આગળ વધારવા માટે એઈમ્સની મહેનત પ્રશંસનીય છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે, એઈમ્સ રાજકોટ એક નવી સંસ્થા છે. તબીબી શિક્ષણ, સંશોધન અને સેવાના ક્ષેત્રોમાં તેને હજુ ઘણી મજલ કાપવાની છે. એઈમ્સના નીતિ નિર્ધારકો તેમના લક્ષ્યોમાં માત્ર એઈમ્સના મુખ્ય ઉદ્દેશ્યોને જ નહીં, પરંતુ સૌરાષ્ટ્ર પ્રદેશમાં જોવા મળતી આરોગ્ય વિષયક સમસ્યાઓના ઉકેલ માટે પણ આગેવાની લે, તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે તબીબી વ્યવસાય એ માત્ર કમાણીનું સાધન નથી; તે માનવતાની સેવા કરવાનું એક વચન પણ છે. આ વ્યવસાયમાં માત્ર વિજ્ઞાનનું જ્ઞાન જ નહીં પરંતુ દયાભાવ, ધીરજ અને નમ્રતાની પણ જરૂર છે.

ડોક્ટરો જે સફેદ કોટ પહેરે છે તે બીમારી અને મુશ્કેલીના સમયે સમાજ તેમના પર જે વિશ્વાસ મૂકે છે તેનું પ્રતીક છે. આ વિશ્વાસને ટકાવી રાખવાની જવાબદારી ડોક્ટરોની છે. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, તબીબી ક્ષેત્રે ખૂબ જ ઝડપથી ટેકનોલોજીની પ્રગતિ થઈ રહી છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોબોટ્સ દ્વારા સર્જરી, ચોક્કસ નિદાન પદ્ધતિઓ અને ડિજિટલ આરોગ્ય સેવાઓ તબીબી જગતનો ચહેરો અને કામ કરવાની રીત ઝડપથી બદલી રહ્યા છે. તેમણે પદવી મેળવનારા વિદ્યાર્થીઓને પરિવર્તનને અપનાવીને તબીબી સેવા વધુ અસરકારક બનાવવા પ્રેરણા આપી હતી.

લેટેસ્ટ ટેકનોલોજી અપનાવીને તેઓ પોતાના જ્ઞાન અને આવડતમાં વધારો કરી શકશે, સાથે રોગોની સારવાર વધુ સારી રીતે કરી શકશે. જો કે, તબીબી ક્ષેત્રમાં માનવીય સંવેદના અને હૂંફની ભૂમિકા ક્યારેય બદલી શકાતી નથી. ડોક્ટરના મધુર શબ્દો, આશ્વાસન આપતું સ્મિત અને દર્દીને સાચી રીતે સાંભળવાની ધીરજ ઘણીવાર એવી અસર કરે છે, જે માત્ર દવાઓ નથી કરી શકતી. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, સારા ડોક્ટર બનવું એ એક મોટી સફળતા છે પણ પ્રામાણિકતા, દયા અને પરોપકારની ભાવના જેવા માનવીય ગુણો ધરાવતા ડોક્ટર બનવું એ તેનાથી પણ મોટી સફળતા છે. તેમણે જણાવ્યું હતું કે, કુશળ અને સામાજિક રીતે જાગૃત ડોક્ટરો સમાજમાં મોટું પરિવર્તન લાવવાની શક્તિ ધરાવે છે. તેમણે વિદ્યાર્થીઓને પોતાના હોદ્દાનો સદુપયોગ કરીને દેશના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવવા સલાહ આપી હતી.

રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, એઈમ્સ રાજકોટ દરેકને સમાન અને સસ્તી સારવાર મળે તેવા રાષ્ટ્રીય ઉદ્દેશ્યને પૂરો કરવા માટે નવા ઉદાહરણો પૂરા પાડશે. આ અવસરે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ગઈકાલે એઈમ્સ હોસ્પિટલ, રાજકોટ આરોગ્ય ક્ષેત્રે સફળતાના સોપાન સર કરી રહી છે. જેના સુખદ પરિણામ સ્વરૂપે તબીબોની પ્રથમ બેચ નાગરિકોને આરોગ્યલક્ષી સેવા આપવા માટે સક્ષમ બની છે.

યે આગ કબ બુઝેગી ? યહાં કિસકો કરે ફરિયાદ જહાં ખુદ અંગારે લેકે બૈઠે હૈ !

# રાજકોટ ભાજપમાં અસંતોષની આગ શમાવવા પ્રયાસો નિષ્ફળ?

## ટિકીટ ફાળવણીમાં પ્રદેશને ઉંધા ચશ્મા બાદ ડેમેજ કંટ્રોલમાં પણ થયું નાટક : પ્રદેશ પ્રમુખ આવ્યા છતાં ભભૂકેલો આંતરિક રોષ ચરમસીમાએ !

રાજકોટ તા. ૧૩ :

શહેર ભાજપમાં ટિકિટ વહેંચણીને લઈને ભભૂકેલા અસંતોષને શાંત કરવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા બે દિવસના મુકામે આવ્યા હોવા છતાં આંતરિક અસંતોષ શમતો દેખાતો નથી. ઉપરથી શાંતિનો માહોલ ઉભો કરાયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, પરંતુ અંદરખાને રોષની આગ હજુ ધગધગતી હોવાની ચર્ચા ચોમેર ચાલી રહી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, પ્રદેશ નેતૃત્વને ગેરમાર્ગે દોરવા માટે ચોક્કસ જૂથ દ્વારા લગભગ ૩૦ જેટલા વર્તમાન હોદ્દેદારોને 'અસંતુષ્ટ' તરીકે રજૂ કરવામાં આવ્યા હતા. જેના કારણે હકીકતમાં નારાજ રહેલા દિગ્ગજ કાર્યકર્તાઓ અને ગ્રાઉન્ડ લેવલના કામદારોને અવગણવામાં આવ્યા હોવાનો આક્ષેપ ઉઠી રહ્યો છે.

આંતરિક ચર્ચાઓમાં એવું પણ સામે આવ્યું છે કે દિવસ દરમિયાન રોષ વ્યક્ત કરતા કેટલાક નેતાઓ રાત્રે જ પોતાના વોર્ડમાં પ્રચાર કરતા જોવા મળ્યા હતા, જેના કારણે 'અસંતોષ ખરેખર હતો કે ગોઠવાયો?' એવો સવાલ વધુ ગાઢ બન્યો છે.

વિશેષ કરીને દર્શનિતાબેન શાહ વિરુદ્ધ મોરચો ઉભો કરવાના પ્રયાસો વધુ દેખાયા હોવાનો પણ કાર્યકર્તાઓમાં અંદરખાને ચર્ચાનો



વિષય બન્યો છે. પક્ષની અંદરની રાજનીતિમાં વ્યક્તિગત ગોઠવણો અને જૂથવાદે સંગઠનને કમજોર બનાવ્યું હોવાનો મત વ્યક્ત થઈ રહ્યો છે.

શહેરના ઘણા વોર્ડોમાં હજુ પણ સ્પષ્ટ આયોજનનો અભાવ જોવા મળી રહ્યો છે, જેના કારણે ભાજપની સ્થિતિ કેટલીક જગ્યાએ કોંગ્રેસ જેવી બનતી જાય છે તેવી ટીકાઓ પણ ઉઠી રહી છે. આ પરિસ્થિતિમાં પ્રદેશ પ્રમુખ દ્વારા બે દિવસ રોકાઈને આગ બુઝાવવાનો પ્રયાસ થયો હોવા છતાં આંતરિક સોગઠાબાજી સામે પ્રદેશ નેતૃત્વ પણ અસરકારક રીતે કામ કરી શક્યું નથી તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ માટે આ અસંતોષ ગંભીર ચિંતાનો વિષય બની રહ્યો છે. જો સમયસર વાસ્તવિક નારાજગીઓને સાંભળીને યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો આ અંદરખાની આગ બહાર ફાટી નીકળવાની સંભાવના રાજકીય વર્તુળોમાં વ્યક્ત કરવામાં આવી રહી છે.

વિશ્વકર્માજી સાવચેતીપૂર્વક તમામ બેઠકો જીતવાનો આશાવાદ વ્યકત કરી પરત જવા નીકળી ગયા હતા. પરંતુ અસંતોષની આગ યથાવત રહી હોવાનો સૂર સંભળાય છે.

વિશ્વકર્માજી રાજકોટની મુલાકાતે માત્ર અસંતોષ ઠારવા માટે આવ્યા હતા. પરંતુ સ્થાનિકોએ કુનેહપૂર્વક પ્લાનીંગથી કામ પાર પાડી દીધુ હતું. ભાજપ શહેર પ્રમુખ માધવ દવેના નિવાસસ્થાને અંદાજે ૨૫-૩૦ કાર્યકર્તાઓને બોલાવાયેલા. પરંતુ આ ટીમમાં ખરા અર્થમાં કોઈ અસંતુષ્ટો ન હોવાનો ગણગણાટ છે. વર્તમાન બોડીમાં જ જવાબદારી સંભાળનારા કાર્યકર્તાઓને બેસાડીને કોઈ તકલીફ ન હોવાનું દૃશ્ય ઉભુ કરવામાં આવ્યુ હતું. આ જાણે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' સીરીયલ જેવો તાલ સર્જાયો હતો.

આ બેઠકમાં જેઓને 'નારાજ' તરીકે રજૂ કરાયા તે તમામ મોટી જવાબદારીઓ સંભાળે છે. જેમાં પૂર્વેશ ભટ્ટ (વોર્ડ નં. ૧ના પ્રભારી), સંજય દવે (વોર્ડ નં. ૮ના પ્રભારી), જીગ્નેશ જોશી (વોર્ડ નં. ૧૪માં વર્ષોથી પ્રભારી), હેમુ પરમાર (વોર્ડ નં. ૩ના પ્રમુખ), હરેશ કાનાણી (એક મહિના પહેલાં સુધી શહેર ભાજપ મંત્રી), વિજય પાડલીયા (એક મહિના પહેલાં સુધી શહેર ભાજપ મંત્રી), ધર્મેન્દ્ર ભગત (એક મહિના પહેલાં સુધી પ્રભારી), શૈલેષ હાપલિયા (વોર્ડ પ્રભારી), ભરત શિગાળા (એક મહિના પહેલાં શહેર ભાજપ મંત્રી), વિક્રમ પૂજારા (પંદર દિવસ પહેલાં જ શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે લાલ લાઈટવાળી ગાડીમાં ફરી લાઈમ લાઈટમાં રહેલા), બે મહિલા શહેર ભાજપના હોદ્દેદારો.

આ તમામને શું નારાજ થવા માટે ખાસ સુચના આપવામાં આવી હતી? આ કાર્યકર્તાઓએ પ્રવર્તમાન અસંતોષની લાગણી વ્યકત કરવાને બદલે ધારાસભ્ય દર્શિતાબેન શાહ સામે ખુલ્લો મોરચો માંડયો હતો તેમ કહેવાય છે. એક તબક્કે તો બોઘરા જૂથની નજીક ગણાતા હરેશ કાનાણી વિશ્વકર્માજી સમક્ષ દર્શિતાબેનની ફરીયાદ કરતા કરતા રડી પડયા હતા તેવી પણ ચર્ચા છે.

રાજકોટની સાચી પરિસ્થિતિનો તાગ મેળવવો હોય તો સાચા નારાજ કાર્યકર્તાઓદને સાંભળવા પડે. પરંતુ અહિં કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા નેતાને વિશ્વકર્માજી સાથે રહેવાની જવાબદારી સોંપાઈ હતી. જેથી કરીને કાર્યકર્તાઓ સાચી વાત અને રોષ ઠાલવી ન શકે તેવુ પણ બોલાઈ રહ્યુ છે. રોષ ઠાલવનારાઓને સાંભળવાને બદલે પોતાના પુત્રની રાજકીય કારકિર્દીની વ્યથા સંભળાવી રમૂજ સાથે સૌ છુટા પડયા હતા. આશ્ચર્યની વાત એ છે કે દિવસે અસંતોષની વાત કરનારા આ જ આગેવાનો રાત્રે પોતપોતાના વોર્ડની બેઠકોમાં મુખ્ય વકતા તરીકે અને હસતા મોઢે ચૂંટણી વ્યવસ્થામાં વ્યસ્ત જોવા મળ્યા હતા.

રાજકીય પંડિતોના મતે, વિશ્વકર્માજીએ જો ખરેખર રાજકોટની સંવેદના અને સાચી પરિસ્થિતિ જાણવી હોય તો મૂળ ભાજપના અને વર્ષોથી સક્રિય એવા જુના કાર્યકર્તાઓને સાંભળવા જોઈએ. જેમાં મીરાબેન વોરા, ભારતીબેન રાવલ, દશરથભાઈ વાળા, વિલાસબા સોઢા, હિતેષભાઈ રાવલ, સી.ટી. પટેલ, જે.ડી. ડાંગર, યોગરાજસિહ જાડેજા, પ્રવીણ પાઘડાર, પ્રવીણ ઠુંમર, રજની ગોલ, જ્યોત્સનાબેન હળવદિયા, પ્રભાબેન વસોયા, હરિભાઈ રાતડીયા, ગંભીરસિહ પરમાર, કૌશિક અઢિયા, અશ્વિન રાખસીયા, નિલેશ તેરૈયા, રાજેશ ટાંક, જીણાભાઇ ચાવડા, હિરેન ગોસ્વામી અને વિઠ્ઠલ અભંગી જેવા કાર્યકરોના નામો ભાજપ વર્તુળોમાં ચર્ચામાં હતા. આ ઉપરાંત, કોંગ્રેસમાંથી ભાજપની ટિકિટના વચન સાથે ભાજપમાં આવેલા પરંતુ ટિકિટથી વંચિત રહેલા મનાતા અશોકભાઈ, ભરતભાઈ, વોર્ડ નં. ૧૨માં મૂંગરા, ગોપાલ બોરાણા, કેતન જારિયા, ગોવિંદ વાઘેરા, નીતિન વ્યાસ, ભરતસિહ જાડેજા અને બીપીન દવે સહિતના આગેવાનોને જો વિશ્વકર્માજી સાંભળવાનો મોકો આપે તો જ રાજકોટ ભાજપની વેદનાની સાચી ખબર પડશે તેવો ગણગણાટ પણ સાંભળવા મળ્યો.

### રાજકોટમાં સ્ટુડિયો બજાર ૨૦૨૬ નો અનોખો અનુભવ

# ક્રિએટિવિટી, હોમગ્રોન બ્રાન્ડસ અને પોપ-અપ શોપિંગનો મેળો

રાજકોટ, તા. ૧૩

રાજકોટ શહેરમાં ફરી એકવાર ક્રિએટિવિટી અને અનોખા શોપિંગનો માહોલ સર્જાવા જઈ રહ્યો છે. સ્ટુડિયો બજાર બુ ઇલ્યુમિને ૨૦૨૬ નામે ખાસ પોપ-અપ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં શહેરના લોકો માટે યાદગાર અનુભવ તૈયાર કરવામાં આવ્યો છે. આ ઈવેન્ટમાં વિવિધ હોમગ્રોન બ્રાન્ડ્સ, હેન્ડમેડ પ્રોડક્ટ્સ અને દિલથી બનાવેલી ક્રિએશન્સ એક જ જગ્યાએ ઉપલબ્ધ થશે. અહીં આવનાર લોકો માત્ર ખરીદી જ નહીં, પરંતુ એક અનોખું અને ક્રિએટિવ વાતાવરણ અનુભવી શકશે.

નવા ઉદ્યોગકારો અને ક્રિએટર્સને નજીકથી ઓળખવાનો અને તેમની અનોખી વસ્તુઓ શોધવાનો આ ઉત્તમ અવસર ગણાય છે. ઇલ્યુમિને દ્વારા ક્યુરેટ કરાયેલ આ પોપ-અપ બજારમાં ફેશન, હોમ ડેકોર, લાઈફસ્ટાઇલ અને ગિફ્ટિંગ માટે ખાસ અને યુનિક વસ્તુઓ રજૂ કરવામાં આવશે. શહેરના યુવાનો તેમજ પરિવારો માટે આ ઈવેન્ટ એક આકર્ષણનું કેન્દ્ર બનવાની સંભાવના છે. આ ઈવેન્ટ ૧૭ અને ૧૮ એપ્રિલે સવારે ૧૧:૦૦ થી સાંજે ૭:૦૦ દરમિયાન યોજાશે. સ્થળ તરીકે જગનાથ પ્લોટ-૪ વિસ્તારમાં માતૃછાયા એપાર્ટમેન્ટના પ્રથમ માળે, માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સ સામે આયોજન કરવામાં આવ્યું છે. આયોજકો દ્વારા શહેરવાસીઓને પરિવાર અને મિત્રો સાથે આ ઈવેન્ટમાં હાજરી આપી આ અનોખા અનુભવનો ભાગ બનવા આમંત્રણ આપવામાં આવ્યું છે. સ્ટુડિયો બજાર ૨૦૨૬ રાજકોટમાં એક નવી શોપિંગ સંસ્કૃતિ અને ક્રિએટિવિટીનો ઉત્સવ બની રહે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.




ઇલ્યુમિને દ્વારા આયોજિત ખાસ ઈવેન્ટમાં અનોખી વસ્તુઓ સાથે નવી બ્રાન્ડ્સને મળવાનો મોકો

# વોર્ડના ઉમેદવારો એક સાથે જ પ્રચાર પ્રસારમાં જશે

રાજકોટ, તા. ૧૩

મહાનગરપાલિકાની સાથોસાથ જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષો દ્વારા જે ઉમેદવારો ઉમેદાને ઉતારી હતા તેમના ફોર્મની ચકાસણી પૂર્ણ થઈ ચૂકી છે અને ઉમેદવારો પ્રચાર પ્રસારમાં લાગી ગયા છે. હાલ ભાજપ અને કોંગ્રેસમાં આંતરિક પ્રશ્નો ઉભા થયા છે અને કાર્યકરોની સાથો સાથ આગેવાનોમાં પણ રોષ ભભૂકી ઉઠ્યો છે ત્યારે ખોદ પ્રદેશ પ્રમુખ દ્વારા ડેમેજ કંટ્રોલ કરવામાં આવ્યું છે પરંતુ તે કેટલું અસર કરતા છે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી. ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રદેશ કક્ષાએથી તમામ વોર્ડના ઉમેદવારોને એક સાથે પ્રચાર પ્રસારમાં જોડાવાનો આદેશ આપવામાં આવ્યો હોય તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. કોઈ એકલા પ્રચાર પ્રસારમાં નહીં જાય ચાર ઉમેદવારોની પેનલ જ એક સાથે પ્રચાર કરશે તેવું સ્પષ્ટ જણાવવામાં આવ્યું હોવાનું સૂત્રો કહી રહ્યા છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચુંટણી માટે ઉમેદવારીપત્રક ભરવાની કામગીરી પુરી થઈ છે અને આજથી રાજયભરમાં ઉમેદવારીપત્રકોની ચકાસણીની કામગીરી શરુ કરવામાં આવી છે તો બીજી તરફ ભાજપે રાજયભરમાં તેનો પ્રચાર પણ શરુ કર્યો છે. રવિવારે પ્રદેશ અધ્યક્ષ પોતે રાજકોટ આવ્યા હતા અને જનસંકલ્પ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા તેઓએ દરેક બુધ અને મંડળના આગેવાનો સાથે બેઠક પણ કરી હતી અને આવનારી ચૂંટણી માટેનો રોડ મેપ પણ તૈયાર કરાવ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ જે રીતે ગુજરાત ભાજપમાં એક તરફ ચુંટણી ટીકીટ માટે મહાપાલિકાથી લઈ જીલ્લા પંચાયતમાં દરેક બેઠક દીઠ ૪૦ થી ૫૦ જેટલા દાવેદારોએ પોતાની ઉમેદવારી કરી હતી અને તેમાંથી જે રીતે પસંદગી કરવામાં આવી છે. તેના કારણે વ્યાપક રીતે અસંતોષ પણ દેખાયો હતો અને આગામી દિવસોમાં તેની અસર પ્રચારથી લઈને મતદાન પર પણ પડી શકે છે. પ્રદેશ ભાજપ દ્વારા જે ટિકિટ વહેચણી કરવામાં આવી છે તેને લઈને ઘણા ખરા પ્રશ્નો પણ ઊભા થયા છે સ્થાનિક વોર્ડના આગેવાનો કે જે વર્ષોથી પાર્ટી સાથે જોડાયેલા હોય તેઓને ટિકિટ ન મળતા હાલ રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે આ સ્થિતિને કાબુમાં લાવવા માટે પ્રદેશ સંગઠન દ્વારા સતત શહેર ભાજપ સાથે સંકલન સાધવામાં આવી રહ્યું છે અને રણનીતિ અંગે પણ ચર્ચા કરવામાં આવી રહી છે. તો સામે કોંગ્રેસ કઈ પ્રકારે લોકોમાં ભરોસો જગાવશે તે હવે જોવાનું રહ્યું.

**પ્રદેશ ભાજપ સંગઠન દ્વારા ઉમેદવારોની સાથે શહેર ભાજપ પ્રમુખને તાકીદ**

તમામ વોર્ડમાં ઉમેદવારોને એક સાથેજ પ્રચારમાં જવા ઘર-ઘર સંપર્ક માં પણ સાથે રહેવા અને જો કોઈ જ્ઞાતિ-સમાજ કે તેવા સંમેલન હોય તેમાં પણ તમામ ચાર ઉમેદવારો એક સાથે જ જશે તેવી કડક સૂચના અપાઈ છે. તા.૨૬ના રોજ મતદાન થવાનું છે તે પુર્વે તા.૨૫ સુધીમાં તમામ ઉમેદવારોને ત્રણ-ત્રણ વખત પ્રચાર કામગીરીમાં ઘરે ઘરે સુધી પહોંચવા પણ સૂચના અપાઈ છે. ખાસ કરીને પક્ષે તાકીદ કરી છે કે જો કોઈ ઉમેદવાર પોતાની રીતે અલગથી પ્રચાર કે તેવી વ્યવસ્થા ગોઠવશે અને પેનલને સાથે નહી રાખે તો તેમની સામે ગંભીર પગલા લેવામાં આવશે.

# ડો.કૌશલ પટેલ તા.૧૬-૪થી ૫-૫ સુધી નહિ મળી શકે

### તા. ૩-મે થી OPD-ઓપરેશન માટે નિયમિત મળશે

રાજકોટ, તા. ૧૩

ડો કૌશલ પટેલ, સૌરાષ્ટ્રના પ્રખ્યાત આર્થ્રોસ્કોપી અને સ્પોર્ટ્સ ઇનજૂરીના નિષ્ણાંત સર્જન ઘૂંટણ તથા ખંભાના લીગમેન્ટની એડવાન્સ ટેકનોલોજીના અભ્યાસ માટે અમેરિકાના મિનેસોટા સ્ટેટમાં ૨ અઠવાડીયા માટે જઈ રહ્યા છે.

તેથી તારીખ ૧૬/૪/૨૦૨૬ થી ૨/૫/૨૦૨૬ સુધી શિવ હોસ્પિટલ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ ખાતે મળી શકસે નહી. ૩/૫/૨૦૨૬ થી રેગ્યુલર ઓપીડી



અને ઓપરેશન માટે મળી શકશે જેની સર્વેએ નોંધ લેવા ડો. કૌશલ પટેલ દ્વારા જણાવાયું છે.

# ૨૪ હજાર બાળકોની જઠરાગ્નિ ઠારતી મધ્યાહન ભોજન યોજના

## પી.એમ. પોષણ યોજના હેઠળ સેન્ટ્રલાઈઝ કિચનમાં આધુનિક સુવિધાઓ સાથે ભોજન તૈયાર કરવામાં આવે છે : રાજકોટના પાયલોટ પ્રોજેક્ટ મીલેટ સુખડીને રાજ્ય સરકાર દ્વારા પણ અપનાવાયો

રાજકોટ, તા. ૧૩

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા બાળકોને પોષણયુક્ત આહાર મળે એ માટે શરૂ કરવામાં આવેલી પી.એમ. પોષણ યોજના અને મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ રાજકોટની ૯૦ શાળાના ૨૪ હજાર બાળકોને સવારે ગરમાગરમ પૌષ્ટિક નાસ્તો અને બપોરે ગરમાગરમ ભોજન પીરસીને બાળકોની જઠરાગ્નિ ઠારવામાં આવે છે.સાદી ભાષામાં મધ્યાહન ભોજન યોજના તરીકે ઓળખાતી પી.એમ. પોષણ યોજના હેઠળ બાળકોને શુધ્ધ સાત્વિક નાસ્તો અને ભોજન આપવા માટે રાજકોટમાં શાસ્ત્રી મેદાન સામે સેન્ટ્રલાઈઝન કિચન આવેલું છે. આ સેન્ટ્રલાઈઝ કિચનમાં આધુનિક મશીનરીઓ દ્વારા ભોજન તૈયાર કરીને દરરોજ અલગ અલગ વાહનો મારફત ૯૦ શાળાઓના ચોવીસ હજાર બાળકોની જઠરાગ્નિ ઠારવામાં આવે છે. બાળકોને અપાતો ખોરાક યોગ્ય છે કે કેમ ? તેની ચકાસણી કરવા માટે અહીં ફૂડ લેબોરેટરી પણ બનાવવામાં આવી છે. ૨૪ હજાર બાળકો દરરોજ સરેરાશ બે હજાર કિલો સવારનો ગરમાગરમ



મહાનગરપાલિકા હસ્તકની ૯૦ શાળામાં બાળકોને દરરોજ પહોંચાડાય છે ગરમાગરમ નાસ્તો અને ભોજન

નાસ્તો અને બપોરનું ભરપેટ ભોજન તૈયાર કરવામાં આવે છે. રાજકોટના આ આધુનિક મશીનરી સાથેના સેન્ટ્રલાઈઝ્ડ કિચનમાં મીલેટ સુખડીના પાયલટ પ્રોજેક્ટ રાજ્ય સરકારને પણ પસંદ પડી જતાં આખા રાજ્યમાં મધ્યાહન ભોજન સાથે મિલેટ સુખડી દરેક શાળામાં શરૂ કરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૯૦ શાળામાં મિલેટ સુખડી ઉપરાંત મિલેટ ચાટ અને ગોળમાંથી બનેલી સિંગ દાળિયાની ચિકી પણ દરેક શાળામાં શરૂ કરવામાં આવ્યા છે.

રાજકોટની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની ૯૦ શાળાઓના અંદાજે ૨૪ હજાર બાળકોને પી.એમ. પોષણ યોજના હેઠળ પૌષ્ટિક અન્ન મળી રહે તે માટે મહાનગરપાલિકા તંત્ર દ્વારા શાસ્ત્રી મેદાન પાસે અત્યાધુનિક રસોડું તૈયાર કરવામાં આવ્યું છે. આ રસોડાની જવાબદારી મહાનગરપાલિકાના અધિકારીને મધ્યાહન ભોજન યોજનાના ડે. કલેક્ટરનો ચાર્જ આપીને સોંપવામાં આવી છે. તેમની સાથે નાયબ મામલતદાર, ડિસ્ટ્રીક્ટ કો ઓર્ડિનેટર આ કામગીરીની જવાબદારી સંભાળે છે .

રસોડાની જવાબદારી દિલ્હીની એજન્સી અને તેની ટીમ સંભાળી રહી છે. જેમાં રસોઇયા સહિત ૩૨ કર્મચારીઓ છે. આ રસોડામાં એક કલાકમાં ૨૦ હજાર નંગ ગરમાગરમ રોટલી તૈયાર થાય તેવું રોટી મશીન છે. આવી જ રીતે શાક સમારવા માટેનું મશીન, અનાજ સાફ કરવા માટે સોર્ટેક્ષ મશીન પણ છે.તેમજ અનાજ દળવા માટે મીલ ઉપરાંત જ્યારે બાળકોને ઢોકળીનું શાક આપવાનું હોય ત્યારે ઢોકળીનું કટિંગ કરવા માટે પણ અહીં આધુનિક મશીન છે. આ રસોડામાં ઓઇલ બેઈઝ વરાળ આધારિત રસોઇ બનાવવા માટે પણ આધુનિક કુકિંગ સિસ્ટમ છે. જેમાં દાળ શાક ખીચડી પુલાવ વગેરે બનાવવા માટે વ્યવસ્થા છે. બાળકોને શુધ્ધ અને સાત્વિક ભોજન મળી રહે તે માટે આ રસોડાની સાથે અત્યાધુનિક ફૂડ લેબોરેટરી પણ તૈયાર કરવામાં આવી છે. જ્યાં અઠવાડિયામાં બે થી ત્રણ વખત તૈયાર ખોરાક અને રો મટીરીયલનો લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવે છે. મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા પણ અહીં સમયાંતરે ચૈકિંગ થતું રહે છે.

અગાઉ બાળકો માટે દરેક શાળાઓમાં મધ્યાહન ભોજન તૈયાર કરવામાં આવતું હતું. પણ, આ પછી બાળકોને ટેસ્ટી અને ક્વોલિટીવાળું ભોજન મળી રહે તે માટે આ સેન્ટ્રલાઈઝ્ડ કિચનની શરૂઆત કરવામાં આવી છે. જ્યાં દરરોજ ૨,૦૦૦ કિલોથી વધુ ભોજન તૈયાર કરવામાં આવે છે. બાળકોને પૌષ્ટિક આહાર મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સપ્તાહના સાત દિવસ મુજબ અલગ અલગ મેન્યુ તૈયાર કરવામાં આવ્યું છે. જ્યારે ભોજનની સાથે રોટલી પીરસવાની હોય ત્યારે દરરોજ ત્રણ હજાર કિલો (અંદાજે ૩ ટન) રસોઇ તૈયાર કરવામાં આવે છે. બાળકોને ગરમા ગરમ ભોજન મળી રહે તે માટે ખાસ પ્રકારના ઇન્સ્યુલેટેડ સ્ટેનલેસ્ટિલ કન્ટેનર રાખવામાં આવ્યા છે. જેમાં ચાર થી પાંચ કલાક સુધી ભોજન ગરમા ગરમ રહે છે. દરેક શાળામાં ભોજન સુરક્ષિત રીતે પહોંચે તે માટે બંધ બોડીના વાહનોનો ઉપયોગ કરવામાં આવે છે. બાળકોને ન્યુટ્રીશન, વીટામીન અને પ્રોટીન પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે સરકાર દ્વારા મેનુ તૈયાર કરવામાં આવ્યું છે. આ મુજબ બાળકોને બાફેલી, શેકેલી અને વઘારેલી વસ્તુઓ, પરંપરાગત ભારતીય ભોજન વેજીટેબલ પુલાવ, ખીચડી, દાળ ઢોકળી વધારે આપવામાં આવે છે.

# ભાજપનો આંતરીક 'દાવાનળ' હજુ પણ મારે લબકારા

## પ્રદેશ પ્રમુખ પાસે પાયાના કાર્યકરોએ આંસુ અને આક્રોશ સાથે કરી રજૂઆતઃ અમારો વાંક શું ગુનો શું?

રાજકોટ, તા. ૧૩

ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ રવિવારે ભાજપના ઉમેદવારોના સંમેલનમાં હાજરી આપ્યા બાદ રાજકોટ પૂર્વ-પશ્ચિમ અને દક્ષિણમાં ચારે ધારાસભ્યોના મત વિસ્તારમાં બેઠકો કરી હતી.મહાનગર ભાજપમાં વોર્ડ નં.૨, ૧૩, ૧૫, ૧૭ સહિતના વોર્ડમાં દાવેદારો કપાવાથી હજુ અસંતોષના પડઘા ઠંડા પડયા નથી. લાગતા વળગતાઓ માટે માપદંડો સાઇડમાં મુકી દેવાયાની ફરિયાદો પણ પહોંચાડવામાં આવી હતી.

વોર્ડ નં.૨ના એક સીનીયર મહિલા કાર્યકરે વધુ એક વખત ટીકીટ માટે દાવેદારી કરી હતી. દાયકાઓથી પાર્ટી માટે કામ કર્યુ છે અને આ વખતે ટીકીટ મળશે તેવી પાર્ટી પાસે અપેક્ષા હતી. પરંતુ રાજકોટ- ૬૯ના આ ગઢ જેવા વોર્ડમાં વધુ વખત તેમને કાપી નાંખવામાં આવતા કાર્યક્રમ વચ્ચે જ તેઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડયા હતા.આ લાગણી વધુ છલકાતી રોકવા ધારાસભ્ય સહિતના નેતાઓએ મોટી સમજાવટ કરવી પડી હતી. વોર્ડ નં.૨, ૩, ૪, ૧૫, ૧૬, ૧૭ જેવા વિસ્તારમાં ત્રિપાંખીયા ચૂંટણી જંગની શકયતા પણ ઘણા લોકોએ



વ્યકત કરી હતી. ભાજપના અસંતુષ્ટો અને નારાજ ટીમ-૧૧ સાથે પ્રદેશ પ્રમુખે બેઠક કરી હતી. વોર્ડ નં.૭ માંથી છેલ્લી ઘડીએ કપાયેલા શૈલેષ જાનીએ એવું કહ્યું હતું કે, તેઓ ભાજપ સાથે જ છે પરંતુ સ્ટેજ પરથી ઉતાર્યા તેનું ખુબ દુઃખ થયું છે.વોર્ડ નં.૧૦ના અન્ય એક દાવેદાર ધર્મેન્દ્ર ભગતે એવું કહ્યું હતું કે હું વર્ષોથી ભાજપનો કાર્યકર છું મને કોઇ ઉમેદવાર સામે વાંધો નથી તેમને કહેવામાં આવ્યું એટલે ફોર્મ ભર્યુ હતું. પરંતુ આ રીતે ટીકીટ કાપવી કેટલી યોગ્ય છે?

પ્રદેશ પ્રમુખ સામે આ સિવાય નીતિન રામાણી, વિજય પાડલીયા, સુરેન્દ્રસિંહ વાળા, શૈલેષ જાની, હરેશ કાનાણી, સંજય દવે, શૈલેષ હાપલીયા સહિતના ઘણા આગેવાનોએ ઉભરો ઠાલવ્યો હતો તો ટીકીટ ન મળતા અમુક મહિલા આગેવાનો પણ નારાજ થયા હતા. જોકે પ્રદેશ પ્રમુખ સાથે કોઈની વન ટુ વન મીટીંગ કરવા દેવામાં આવી નહોતી અને સૌને એક સાથે સાંભળ્યા હતા. અંતે પ્રદેશ પ્રમુખે 'બધી વાત બરાબર, હવે કામે લાગી જજો, હું પાછો આવું એટલે નિરાંતે મળીશ એવું કહીને આશ્વાસન આપ્યું હતું.

શહેર પ્રમુખ માધવ દવેના નિવાસ સ્થાને મીટીંગ કરવામાં આવી હતી.વોર્ડ નં.૧૫માં પણ ભાજપના ઉમેદવાર સામે બે દિવસથી કકળાટ ચાલી રહ્યો છે. વોર્ડ નં.૧૦ માં ભાજપે લાંબા સમય બાદ ક્ષત્રિય ઉમેદવારને ટીકીટ ન આપતા આ ચર્ચા પણ ચાલી રહી છે. વોર્ડ નં.૧૩માંથી શૈલેષ ડાંગરે ક્ષત્રિય ઉમેદવારના પિતા સહિતનો પરિવાર આપમાં કાર્યરત હોવાનો વિડીયો પણ રજુ કર્યો હતો. વોર્ડ નં.૩માં હેમુભાઇ પરમારને ટીકીટ ન મળતા તેમનો ટેકેદાર વર્ગ પણ હજુ ઉકળી રહ્યો છે. આમ ગઇકાલે પ્રદેશ પ્રમુખની મુલાકાત બાદ હજુ તોફાન બાદની શાંતિ સ્થપાઇ નથી. પરંતુ હવે બે દિવસમાં બધા સારા વાના થઈ જશે અને સૌ કામે લાગી જશે તેવું વાતાવરણ ઉભુ કરવા પાર્ટીએ પ્રયાસ કર્યો છે. છતાં જે જે દાવેદારો કપાયા છે તેઓ પોતાના વોર્ડમાં કઇ રીતે કામ કરશે તેના પર શહેર ભાજપ ટીમને વોચ રાખવી પડશે તે પણ નક્કી છે.

### ખુન કેસમાં પેરોલ પર રહેલાને ટીકીટ!

વોર્ડ નં.૧૫ માં થોરાળા વિસ્તારમાં ૨000ની સાલમાં હત્યાનો એક બનાવ બન્યો હતો. આ ગુનામાં સંડોવાયેલા અગ્રણી ભાજપ સંગઠનમાં મહત્વના હોદ્ઙા પર હતા. અનુસુચિત જાતિના ઉમેદવારની આ બેઠક પર ભાજપે આરોપોથી ઘેરાયેલા ઉમેદવારની ટીકીટ આપી છે.જેમના પર આરોપ છે તે મૌલિક પરમારને ઉમેદવાર બનાવવામાં આવતા વાલ્મીકી સમાજના એક મોટા વર્ગમાં નારાજગી ફેલાયેલી છે. તેમની સાથે રતિલાલ પરમાર શહેર ભાજપના કારોબારી સભ્ય પણ રહેલા છે. આ મામલે થોરાળા, ગોકુલપરા વિસ્તારમાં નારાજગી જોવા મળી રહી હતી.

# કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર પ્રવીણ સોરાણીનું રાજીનામું

## સ્થાનિક સંગઠન અને જૂજ આગેવાનો સાથે કામ ન કરી શકે તેમ કહી પક્ષને અલવિદા : ટિકિટ ન મળતા નારાજગી પણ વ્યક્ત કરી

રાજકોટ, તા. ૧૩

વોર્ડ નંબર ૧૫માં કોંગ્રેસને આંતરિક ખેંચતાણ નો સામનો કરવો પડ્યો હતો અને તેમાં પણ પ્રવીણ સોરાણીએ પક્ષની કામગીરી અને સ્થાનિક પ્રશાસન ની કાર્ય શૈલી સામે અવાજ ઉઠાવ્યો હતો એટલું જ નહીં તેઓએ તેમના પત્નીને નહીં પરંતુ તેઓને ટિકિટ આપવામાં આવે તે અંગેની રજૂઆત પણ પ્રદેશ કક્ષાએ કરી હતી જેની સામે વશરામ સાગઠીયાએ વાંધો ઉઠાવ્યો હતો. પરંતુ પક્ષે પ્રવીણ સુરાણીને ટિકિટ આપી ન હતી જે બાદ તેઓએ રાજીનામું આપવાનો વિચાર કર્યો અને ગઈકાલે તેઓએ તમામ હોદ્દા પરથી રાજીનામું આપ્યું છે તેમની સાથે તેમના ધર્મપત્તિ ભાનુબેન સોરાણીએ પણ કોંગ્રેસ પક્ષને અલવિદા કરી છે.

રાજકોટ મહાપાલિકાની ચૂંટણી પૂર્વે કોંગ્રેસને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ગત ટર્મમાં મપનામાં વિપક્ષી નેતા તરીકે કામ કરનાર ભાનુબેન સોરાણી અને વોર્ડના જ પૂર્વ કોંગી કોર્પોરેટર પ્રવિણભાઇ સોરાણીએ ગઈકાલે કોંગ્રેસના સભ્ય પદેથી રાજીનામુ આપી દેતા વોર્ડ નં.૧૫ સહિત કોંગ્રેસમાં ભૂકંપ સર્જાઇ ગયો છે. સોરાણી દંપતિએ



પ્રદેશ પ્રમુખ અમિતભાઇ ચાવડાને તેમનું રાજીનામા પત્ર મોકલી આપ્યો છે.

વોર્ડ નં.૧૫માં પાર્ટીએ કોળી સમાજમાં અને વોર્ડમાં સારું એવું પ્રભુતૂ ધરાવતા પ્રવિણભાઇ સોરાણીને ટીકીટ આપી નથી. આ બાદ ગઈકાલે ભાનુબેન અને પ્રવિણભાઈએ પ્રદેશને લખેલા પત્રમાં જણાવ્યું છે કે હાલની પરિસ્થિતિમાં તેઓ પતિ-પત્ની કોંગ્રેસ પક્ષમાં કામ કરી શકીએ તેમ નથી અમને કોંગ્રેસે ઘણું આપ્યું છે.

સ્વ. મનોહરસિંહજી જાડેજાના સાનિધ્યમાં તેઓ ૧૯૯૭માં કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા અને કોંગ્રેસે પાંચ વખત ચૂંટણી લડવાની તક આપી હતી. આ પૈકી ચાર વખત તેઓ ચૂંટણી જીત્યા પણ હતા. હાલની સ્થિતિમાં શહેર નેતા ગણ અને વોર્ડના અમુક આગેવાનો સાથે કામ કરી શકાય તેમ નથી. પ્રદેશ પ્રમુખ, એઆઇસીસીના સેક્રેટરી, ગુજરાત કોળી સમાજના આગેવાન રૂત્વીકભાઇ મકવાણા, પૂર્વ ધારાસભ્યો, કોળી સમાજના આગેવાન પુંજાભાઇ વંશ, મહેશભાઇ રાજપૂત, ડો. હેમાંગભાઇ વસાવડા સહિતના આગેવાનો દ્વારા ૨૭ વર્ષમાં તેમની કારકિર્દી બનાવવામાં પુરતો સહયોગ આપ્યો હતો. આ સહિતના સાથીદારો અને મતદારોનો તેમણે આભાર માન્યો હતો.

આ અંગે પ્રવિણભાઇ સોરાણીનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે આજની ટીમ સાથે તેઓ કામ કરી શકે તેમ નથી. ૨૮ વર્ષમાં તેઓએ વોર્ડમાં કોંગ્રેસને મજબૂત કરવા પુરા અને નિષ્ઠાપૂર્વકના પ્રયાસો કર્યા છે. હવે કઇ દિશા તરફ જવું તે નક્કી કર્યું નથી. કોળી સમાજના આગેવાનો, નેતાઓ અને વિશાળ પરિવારજન સાથે ચર્ચા કરીને આગળ નિર્ણય લેવાશે તેમ પ્રવિણભાઇએ કહ્યું હતું.

## તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપે જીતથી ખોલાવ્યું ખાતું : આમ આદમી પાર્ટીના ઉમેદવાર નું ફોર્મ રદ થતાં ભાજપના મહિલા ઉમેદવાર બિનહરીફ

# રાજકોટ તાલુકાની ગઢકા બેઠક બિનહરીફ

રાજકોટ, તા. ૧૩

રાજયભરમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પૂર્વેજ ૧૫૦ થી વધુ બેઠક બિનહરીફ થતા ભાજપને ફાયદો પહોંચ્યો છે ત્યારે મહાનગરપાલિકાની ચૂંટણીઓ નજીક આવી રહી છે તેમ તેમ ફોર્મ ચકાસણીની કાર્યવાહી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ રાજકોટ તાલુકા પંચાયતમાં ચૂંટણી પૂર્વે જ ભાજપને જીત મળી છે રાજકોટ તાલુકાની ગઢકા બેઠક બિનહરીફ થઈ છે તેવી અટકળો ચાલી રહી છે.

માહિતગાર સૂત્રોએ કહ્યું હતું કે રાજકોટ તાલુકા પંચાયતની ગઢકા બેઠક પર ભાજપ અને 'આપ'ના ઉમેદવાર હતા. કોંગ્રેસના કોઈ ઉમેદવાર ન હતા તેવી જ રીતે અપક્ષ તરીકે પણ કોઈએ ફોર્મ ભર્યા ન હતા. ગઈકાલે ઉમેદવારીપત્રોની ચકાસણીમાં 'આપ'ના ઉમેદવારનું ફોર્મ રદ થતા ભાજપના એકમાત્ર ઉમેદવાર રહેતા તે બીનહરીફ થઈ હતી. આ બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે પિનાલીબેન કૌશિકભાઈ કલોલા હતા.

૨૨ બેઠકો ધરાવતી રાજકોટ તાલુકા પંચાયતમાં એક બેઠક ભાજપના ખાતામાં નિશ્ચિત થઇ જ ગઇ છે. હવે જિલ્લા પંચાયતની એકાદ બેઠક પર ભાજપની નજર છે.રાજકોટ જિલ્લા પંચાયતની કુલ ૩૬ બેઠકો છે તેમાં



ભાજપના ૫૮, કોંગ્રેસના ૫૦, આમ આદમી પાર્ટીના ૪૧, બસપામાંથી ૧ અને અપક્ષ તરીકે ૧૦ ફોર્મ છે. સૌથી વધુ સાત-સાત ફોર્મ સરધાર તથા ભાડલાની સીટ પર છે.

જ્યારે સૌથી ઓછા બે ફોર્મ જામકંડોરણાની બેઠક પર છે. ચરખડીની બેઠક પર પણ બે ફોર્મ જ છે. ચરખડીની બેઠક પર કોંગ્રેસના કોઇ ઉમેદવાર નથી અને માત્ર ભાજપ-આપના જ ઉમેદવાર છે. આ જ રીતે કંડોરણાની બેઠક પર માત્ર ભાજપ-કોંગ્રેસના જ બે ઉમેદવાર છે. રાજકીય આગેવાનો આ બન્ને બેઠક પર નજર રાખી રહ્યા છે. હજુ પણ ભાજપની અનેક બેઠક બિનહરીફ થાય તેવું જાણવા મળી રહ્યું છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે અન્ય પક્ષોની સ્થિતિ શું થશે. ? હાલ દરેકને મીટ મહાનગરપાલિકાના ઉમેદવારો પર રહેલી છે. ભાજપ કોંગ્રેસ એડી ચોટીનું જોર પણ લગાવી રહ્યું છે. તેમાં વોર્ડ નંબર બે માં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ન ફોર્મ રદ થયું છે જેથી પાર્ટીને પણ ફટકો લાગ્યો છે.

# સાધુ વાસવાણી સ્કૂલ સામે આગની ઘટના

## શોર્ટ સર્કિટના પગલે આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ : ફસાયેલા દસ લોકોનો આબાદ બચાવ







રાજકોટ, તા. ૧૩

ટીઆરપી અગ્નિકાંડના ઘાવ હજુ ભરાયા નથી ત્યાં રાજકોટ શહેર અને જિલ્લામાં એક નહીં અનેકવિધ જગ્યાઓ પર આગની ઘટનાઓ ઘટી છે. ત્યારે ગઈકાલે યુનિવર્સિટી રોડ ઉપર આવેલી સાધુવાસવાણી સ્કૂલ સામે આવેલા બિલ્ડીંગના બીજા માળે આગ લાગી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટ થતા આગ લાગી હોવાનું પણ માલુમ પડ્યું છે. સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. બે ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચ્યા હતા અને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

શહેરમાં ફરીવાર ટીઆરપી આગકાંડ જેવો બનતાં અટક્યો હતો. સાધુ વાસવાણી રોડ પર ગયેલી બપોરના સમયે ગાર્ડન સિટી કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં એકાએક આગ ફાટી નીકળતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો.

આ કોમ્પ્લેક્સમાં આવેલી એક કન્ટ્રક્શનની ઓફિસમાં અચાનક આગ લાગતા ધુમાડાના ગોટેગોટા આસપાસના વિસ્તારમાં પ્રસરી ગયા હતા. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ગુંગળામણ વધતા ઓફિસમાં કામ કરતા ૧૦ જેટલા લોકો અંદર જ ફસાઈ ગયા હતા. આગના ધુમાડા ત્રીજા માળ સુધી પહોંચી જતાં અંદર ફસાયેલા લોકોના જીવ અધ્ધર થઈ ગયાં હતા.

ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ચાર ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જોકે, આગ એટલી ભીષણ હતી કે ફસાયેલા લોકો ભયભીત થઈ ગયા હતા અને બારીઓ પાસે આવીને બુમરાણ મચાવવા લાગ્યા હતા.

લોકોના આક્રોશ વચ્ચે ફસાયેલા નાગરિકો 'બચાવો નહીંતર અમે નીચે પડીને જીવ દઈ દઈએ' તેવા કણ આક્રંદ કરી રહ્યા હતા. આ હૃદયદ્રાવક દ્રશ્યો જોઈને ત્યાં ઉભેલા લોકોમાં પણ ભારે રોષ જોવા મળ્યો હતો. બનાવની જાણ થતાં તાત્કાલિક પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે ઉતારી દેવામાં આવ્યો હતો. ફાયર ફાઈટર્સ દ્વારા ભારે જહેમત અને જીવના જોખમે 'લેડર' મારફતે તમામ ૧૦ લોકોને એક બાદ એક સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. મહા મહેનતે રેસ્ક્યુ ઓપરેશન પૂર્ણ થતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર નંદાણી સહિત ફાયર વિભાગના અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને સમગ્ર સ્થિતિનું અવલોકન પણ કર્યું હતું અને સાચી હકીકત જાણવા માટેના પ્રયત્નો પણ કરવામાં આવ્યા હતા. ત્યારે પ્રાથમિક તપાસમાં એ વાત માલુમ પડી છે કે ક્યાંક ને ક્યાંક શોર્ટ સર્કિટના પગલે જ આ ઘટના ઘટી હતી. કન્ટ્રક્શન ઓફિસના ફર્નિચર અને રેકોર્ડ્સ બળીને ખાખ થઈ જતા મોટી આર્થિક નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. સદનસીબે, ફાયર વિભાગની સતર્કતાને કારણે જાનહાનિ ટળી હતી.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# લોકોનો એજન્ડા

## પરંપરામાં પરિવર્તન અનિવાર્ય : ચૂંટણી ઢંઢેરા મતદારો જાહેર કરે



ડબલ એન્જીન ગરમી શરુ થઈ છે.સુર્ય દેવ અને રાજનીતિ બંને હરીફ બન્યા છે.આભની અને રાજનીતિની ગરમી લોકોએ સહન કરવી ફરજિયાત છે. ચૂંટણીનો સમય આવે ત્યારે રાજકીય પક્ષો વચનોની લ્હાણી કરે છે. આ એક જૂની પરંપરા બની ગઈ છે. દરેક પક્ષ એવો ઢંઢેરો બહાર પાડે છે જેનાથી મતદારો અંજાઈ જાય. મોટા ભાગે આ વચનો માત્ર કાગળ પર જ રહી જાય છે. ચૂંટણી જીત્યા પછી નેતાઓ આ વચનો ભૂલી જતા હોય છે. હવે સમય આવી ગયો છે કે આ પરંપરામાં મોટો બદલાવ લાવવામાં આવે.

લોકોએ સંગઠિત બનીને પોતાનો એજન્ડા પોતે જ નક્કી કરવો જોઈએ. દરેક ગામ અને દરેક વિસ્તારના પ્રશ્નો અલગ હોય છે. ક્યાંક પીવાના પાણીની સમસ્યા છે, તો ક્યાંક ગટર વ્યવસ્થાની ખામી છે. ક્યાંક સારા રસ્તાની જરૂર છે, તો ક્યાંક શિક્ષણ અને આરોગ્યની સુવિધાનો અભાવ છે. રાજકીય પક્ષો આ સ્થાનિક પ્રશ્નોને ઘણીવાર સમજી શકતા નથી. તેથી, મતદારોએ પોતાના વિસ્તારનો પસ્થાનિક ચૂંટણી ઢંઢેરોથ તૈયાર કરવો જોઈએ.

જ્યારે કોઈ ઉમેદવાર મત માંગવા આવે, ત્યારે તેમને લોકોનો આ એજન્ડા સોંપવો જોઈએ. જે નેતા કે પક્ષ આ પ્રશ્નોના ઉકેલની ખાતરી આપે, તેને જ મત આપવો જોઈએ. લોકશાહીમાં મતદાર એ રાજા છે, ભીખારી નહીં. લોકોએ પોતાની તાકાત બતાવવાની જરૂર છે. માત્ર પક્ષોના એજન્ડા પર ચાલવાને બદલે, પક્ષોએ લોકોના એજન્ડા પર ચાલવું પડે તેવી સ્થિતિ ઉભી કરવી જોઈએ.

ચૂંટણી જીત્યા બાદ જો નેતા આ ઢંઢેરાને અવગણે, તો તેનો તીવ્ર વિરોધ થવો જોઈએ. લોકોએ જાગૃત બનીને સવાલ પૂછવા પડશે. સોશિયલ મીડિયા અને સ્થાનિક સભાઓ દ્વારા નેતાઓને તેમની જવાબદારીનું ભાન કરાવવું જોઈએ. જ્યારે નેતાઓને લાગશે કે જનતા સંગઠિત છે અને હિસાબ માંગે છે, ત્યારે જ તેઓ ગંભીર બનશે. આ પ્રક્રિયાથી નેતાઓમાં જવાબદારીની ભાવના વધશે. લોકોની તાકાત વધશે અને સાચું શાસન આવશે. મતદારોએ હવે જાગવાની જરૂર છે. આપણે માત્ર પવોટ બેંકથ બનીને રહેવાને બદલે પડિસિઝન મેકરથ બનવું પડશે. જો દરેક વિસ્તારના લોકો પોતાનો એજન્ડા પોતે જ જાહેર કરશે, તો રાજકારણમાં શુદ્ધિકરણ આવશે. પરંપરા બદલવાની આ જ સાચી તક છે. લોકોનો એજન્ડા જ લોકશાહીનો સાચો પાયો છે.




# કેજરીવાલ પોતે બન્યા વકીલ

## ન્યાયાધીશને કહ્યું કે સીબીઆઈનો આખો કેસ સાક્ષીના નિવેદન પર આધારિત

નવીદિલ્હી, તા. ૧૩

સોમવારે દિલ્હી હાઈકોર્ટે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ દ્વારા એક્સાઈઝ પોલિસી કેસમાં દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી. કેજરીવાલે પોતાનો પક્ષ રજૂ કર્યો. સુનાવણી દરમિયાન, કેજરીવાલે જણાવ્યું કે તેમને ભ્રષ્ટ સાબિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ટ્રાયલ કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા. CBIનો આખો કેસ સાક્ષીના નિવેદનો પર આધારિત છે. ED અને CBIએ અનેક દરોડા પાડ્યા, પરંતુ કોઈ વસૂલાત થઈ શકી નહીં. કેજરીવાલે દિલ્હી હાઈકોર્ટમાં કથિત દારૂ કૌભાંડમાં ન્યાયાધીશ બદલવાની માંગણી કરતી અરજી દાખલ કરી છે. તેમણે ન્યાયાધીશ સ્વર્ણ કાંતા શર્મા સમક્ષ રજુઆત માટે અરજી દાખલ કરી છે.

કોર્ટમાં પોતાનો કેસ રજૂ કરતા, કેજરીવાલે જણાવ્યું કે તેમના પર મની લોન્ડરિંગનો આરોપ મૂકવામાં આવ્યો હતો. એક ફકરામાં, લગભગ કહેવામાં આવ્યું હતું કે આ બધા લોકો ભ્રષ્ટ છે. એવું લાગતું હતું કે તેમને માત્ર ભ્રષ્ટ જ નહીં, પરંતુ અત્યંત ભ્રષ્ટ જાહેર કરવામાં આવ્યા હતા. મનીષ સિસોદિયા કેસમાં, ફક્ત ત્રણ સુનાવણીઓ થઈ હતી, અને એવું માનવામાં આવ્યું હતું કે મનીષ ભ્રષ્ટ હતો. સુપ્રીમ કોર્ટે તે નિર્ણયને ઉલટાવી દીધો. આ કેસમાં ફક્ત ત્રણ સુનાવણીઓ થઈ હતી. કોઈ ચાર્જશીટ નહોતી, કોઈ પ્રાર્થના નહોતી. આખરે સુપ્રીમ કોર્ટે કેસને ફગાવી દીધો. તુષાર મહેતાએ જણાવ્યું હતું કે તેને ફગાવી દેવામાં આવ્યું ન હતું.

તેને માન્ય રાખવામાં આવ્યું હતું. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે નિર્ણય ઉલટાવ્યો નથી. કેજરીવાલે જવાબ આપ્યો, ‘હું પુષ્ટિ આપી શકું છું અને પાછા આવી શકું છું.’ આખરે તેમને જામીન આપવામાં આવ્યા. ટ્રાયલ કોર્ટે સિસોદિયાને સંપૂર્ણપણે નિર્દોષ ગણાવ્યા. આ દર્શાવે છે કે કોર્ટ આ તથ્યો પ્રત્યે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. શું કોર્ટ આ તબક્કે પોતાનો અગાઉનો અભિપ્રાય બદલી શકશે? ટ્રાયલ કોર્ટે ફરિયાદ કેસ ફગાવી દીધો છે. ૯ માર્ચનો તેનો અનુગામી આદેશ એકતરફી હતો.

કેજરીવાલે જણાવ્યું હતું કે ED-CBI એ સાક્ષીઓ સાથે એવી રીતે વ્યવહાર કર્યો હતો જે રીતે તેઓ પાછળથી તેમની ધરપકડ કરશે. FIR પર વાટાઘાટો કરવામાં આવી હતી, અને પછી તેઓ નામ આપશે. ‘તમારા તારણો પણ ત્યાં છે,’તેમણે કહ્યું. ‘મને લગભગ દોષિત અને ભ્રષ્ટ જાહેર કરવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું કે તે તેના પર ટિપ્પણી કરવા માંગતી નથી.’ કેજરીવાલે જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટનો આદેશ આ મુદ્દા પર સંપૂર્ણપણે વિપરીત હતો. નિષ્કર્ષ એ છે કે કોઈ ગુનો થયો નથી, કોઈ લાંચ લેવામાં આવી નથી, કોઈ ગુનાહિત કમાણી કરવામાં આવી નથી. કોઈ ગોવામાં પૈસા લઈ ગયું નથી.

કોર્ટે પૂછ્યું, ‘તમારી દલીલ શું છે?’ ટ્રાયલ કોર્ટે મારી પછી સુનાવણી કરી. હું ફક્ત તમારી સુનાવણી કરી રહ્યો છું. હું ફક્ત રદ્દીકરણ પર સુનાવણી કરી રહ્યો છું. અત્યાર સુધી, તેઓ તેમની સાચી દલીલ રજૂ કરી રહ્યા છે. તેમનો નિર્ણય મેં આદેશ આપ્યા પછી આવ્યો હતો. તે પછી તપાસવામાં આવશે. આજે, અમે ફક્ત તમારા ૧૦ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીશું. મેં ત્રણ મુદ્દાઓ લખ્યા છે. હું કોર્ટને મારી રીતે ચલાવું છું. મેં નોંધ લીધી છે.

અરવિંદ કેજરીવાલે વધુમાં જણાવ્યું હતું કે મનીષ સિસોદિયાને આદેશ રદ થયા પછી જ જામીન આપવામાં આવ્યા હતા. આવા ઘણા આદેશો રદ કરવામાં આવ્યા છે. તો, શું કોર્ટ હવે તેની જૂની દલીલો દૂર કરી શકશે? કેજરીવાલે કહ્યું કે સીબીઆઈનો આખો કેસ સાક્ષીના નિવેદન પર આધારિત છે. જો તમે સાક્ષીના નિવેદન પર પ્રશ્નાર્થ ચિહ્ન લગાવો છો, તો તમે વ્યવહારીક રીતે સમગ્ર ટ્રાયલ કોર્ટના આદેશને નકારી કાઢ્યો છે.

# નીતિશ કુમાર આપશે રાજીનામું



બિહારમાં ૧૫ એપ્રિલે નવા મુખ્યમંત્રી શપથ લેશે

નવીદિલ્હી, તા. ૧૩

બિહારમાં નવી સરકાર બનાવવાની પ્રક્રિયા તેજ થઈ ગઈ છે. નીતિશ કુમાર આવતીકાલે, મંગળવારે, અંતિમ કેબિનેટ બેઠક પછી રાજીનામું આપશે. શપથ ગ્રહણ સમારોહ ૧૫ એપ્રિલના રોજ સવારે ૧૧ વાગ્યે લોકભવન ખાતે યોજાશે. રાજ્યપાલના સચિવ ગોપાલ મીણાએ તૈયારીઓ માટે એક બેઠક બોલાવી છે. આ પહેલા, ભાજપ વિધાનસભા પક્ષની બેઠક આવતીકાલે, મંગળવારે બપોરે ૨ વાગ્યે ભાજપ જનતા પાર્ટી કાર્યાલય ખાતે યોજાશે. કેન્દ્રીય કૃષિ મંત્રી અને નિરીક્ષક શિવરાજ સિંહ ચૌહાણ સહિત તમામ ધારાસભ્યો હાજર રહેશે. બેઠકમાં ભાજપ વિધાનસભા પક્ષના નેતાની પસંદગી કરવામાં આવશે. વિધાનસભા પક્ષના નેતા મુખ્યમંત્રી બનશે. આ પછી, ગઉઅ વિધાનસભા પક્ષની બેઠક સાંજે ૪ વાગ્યે મળશે, જ્યાં નીતિશ કુમાર નવા મુખ્યમંત્રીના નામનો પ્રસ્તાવ મૂકશે. આ પહેલા, નીતિશ કુમાર રાજભવન જશે અને રાજીનામું સુપરત કરશે. ગઉઅ વિધાનસભા પક્ષના નેતા આવતીકાલે સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. સોમવારે મુખ્યમંત્રી નિવાસસ્થાને જેડીયુના વરિષ્ઠ નેતાઓ અને મંત્રીઓની બેઠક યોજાઈ હતી, જ્યાં નવી સરકારમાં પાર્ટીની ભૂમિકા અને નાયબ મુખ્યમંત્રી પદ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સવારે જેડીયુના કાર્યકારી પ્રમુખ સંજય ઝા, કેન્દ્રીય મંત્રી લલ્લન સિંહ, મંત્રી જામા ખાન અને વરિષ્ઠ નેતા બિજેન્દ્ર યાદવે મુખ્યમંત્રી નીતિશ કુમારને મળ્યા હતા. મુખ્યમંત્રી નિવાસસ્થાને લગભગ એક કલાક ચાલેલી આ બેઠકમાં સરકાર રચના સંબંધિત અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. મુખ્યમંત્રી તરીકે નીતિશ કુમારનો આખો દિવસ છે અને આજે મુખ્યમંત્રી તરીકેના તેમના છેલ્લા દિવસે તેઓ બિહારમાં વિકાસ કાર્યોની સમીક્ષા પણ કરી રહ્યા છે. બપોરે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પોતાના કાફલા સાથે મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી નીકળ્યા કે તરત જ અટકળો શરૂ થઈ ગઈ. શું નીતિશ રાજભવન જઈ રહ્યા હતા, કોઈને મનાવી રહ્યા હતા કે પછી તેમના મંત્રીમંડળને અંતિમ સ્વરૂપ આપી રહ્યા હતા? ત્યારબાદ નીતિશ કુમાર જેપી સેતુ થઈને છપરાના બાકરપુર પહોંચ્યા, જ્યાં મુખ્યમંત્રી નીતિશે ચાર-માર્ગીય બાંધકામ અને પુલ બાંધકામનું નિરીક્ષણ કર્યું. બિહારમાં નવી સરકાર બનાવવાની પ્રક્રિયા ઝડપી બની છે. મુખ્યમંત્રી નીતિશ કુમાર આવતીકાલે રાજીનામું આપશે, ત્યારબાદ ૧૫ એપ્રિલે સવારે ૧૧ વાગ્યે શપથ ગ્રહણ સમારોહ યોજાશે. ભાજપ વિધાનસભા પક્ષની બેઠકમાં મુખ્યમંત્રીની પસંદગી કરવામાં આવશે. સાંજે NDAની બેઠકમાં નીતિશ કુમાર નવા મુખ્યમંત્રીના નામનો પ્રસ્તાવ મૂકશે.

# પ્રચારનો ઝંઝાવાત

## મતદારોમાં થોડી સહનશક્તિ અને વધારે સમજશક્તિ જરૂરી

સ્થાનિક ચૂંટણીઓનો રણશિંગુ ફૂંકાઈ ચૂક્યું છે. રાજકીય વાતાવરણ અત્યારે ગરમાયું છે. ત્રિપાંખિયા જંગની સ્થિતિમાં દરેક પક્ષ પોતાની પૂરી તાકાત લગાવી રહ્યો છે. આ મેદાનમાં હવે સ્ટાર પ્રચારકોની એન્ટ્રી થઈ છે. પ્રચારનો ઝંઝાવાત શરૂ થયો છે. આ દરમિયાન મતદારોએ ખૂબ જ ધૈર્ય રાખવાની જરૂર છે.

ચૂંટણી એટલે આક્ષેપો અને પ્રતિઆક્ષેપોનું તાંડવ. સભાઓમાં વાદ-વિવાદ ચરમસીમાએ પહોંચશે. દરેક પક્ષ બીજા પક્ષને નીચો દેખાડવા મથશે. સોશિયલ મીડિયાથી લઈને શેરી સભાઓ સુધી કાવાદાવાના ખેલ જોવા મળશે. પ્રચારની આ ભીષણતામાં સામાન્ય મતદાર મુંઝવણમાં મુકાઈ શકે છે. અહીં જ મતદારની સહનશક્તિની કસોટી થાય છે. શોરબકોર વચ્ચે શાંત રહીને તર્કબદ્ધ વિચારવો જરૂરી છે.


મતદારોએ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ કે અનુગ્રહથી દૂર રહેવું જોઈએ. જ્ઞાતિ, જાતિ કે વ્યક્તિગત લાગણીઓને બાજુ પર રાખવી પડશે. માત્ર પક્ષના પ્રતીકને જોઈને મત આપવાને બદલે ઉમેદવારની લાયકાત તપાસવી જોઈએ. વ્યાપક હિતનો વિચાર કરીને જ મતનો નિર્ણય લેવો હિતાવહ છે. જાગૃત મતદાર એ જ છે જે લોભ-લાલચમાં આવતો નથી. તે રિયલ મુદ્દાઓને નજરમાં રાખીને પોતાનો કિંમતી મત આપે છે. શિક્ષણ, આરોગ્ય અને પાયાની સુવિધાઓ જેવા પ્રશ્નો કેન્દ્રસ્થાને હોવા જોઈએ.

લોકશાહીમાં અત્યારે પવનવે સિસ્ટમથ જેવી સ્થિતિ જોવા મળે છે. નેતાઓ બોલે છે અને જનતા સાંભળે છે. આ પ્રથા હવે તૂટવી જોઈએ. લોકોએ માત્ર ભાષણો સાંભળીને તાળીઓ પાડવી જોઈએ નહીં. મતદારોએ નેતાગીરી સામે સવાલો ઉઠાવવા જોઈએ. ગત ચૂંટણીના વચનોનું શું થયું? નવા આયોજનોમાં લોકહિત કેટલું છે? આવા પ્રશ્નો પૂછવાનો આ યોગ્ય સમય છે.

લોકશાહીમાં લોકો સજાગ હશે તો જ નેતાઓને જાગતા રહેવું પડશે. જો મતદાર નિષ્ક્રિય રહેશે તો સત્તાધીશો નિરંકુશ બનશે. નેતાઓનો અસલી માલિક મતદાર છે, એ વાત ભૂલવી ન જોઈએ. જાગૃતિ એ લોકશાહીનું જીવંત લક્ષણ છે. સમજદારી અને સતર્કતાથી આપવામાં આવેલો એક મત આવતીકાલનું ઉજ્જવળ ભવિષ્ય નક્કી કરે છે. પ્રચારના ઘોંઘાટમાં પોતાની વિવેકબુદ્ધિને જીવંત રાખવી એ જ શ્રેષ્ઠ નાગરિકતા છે.

# જનતા પોતાના મતથી બોમ્બનો જવાબ આપશે

## અમિત શાહે બીરભૂમમાં મહિલાઓની સુરક્ષા પર ટીએમસીને ઘેર્યું



નવીદિલ્હી, તા. ૧૩.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યમાં રાજકીય વાતાવરણ ગરમાયું છે.


ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ (TMC) વચ્ચે વાકયુદ્ધ ચાલી રહ્યું છે. દરમિયાન, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોમવારે (૧૩ એપ્રિલ) બીરભૂમમાં એક જાહેર રેલીને સંબોધિત કરતી વખતે મુખ્યમંત્રી મમતા બેનર્જી અને તેમની સરકાર પર આકરા પ્રહારો કર્યા. તેમણે રાજ્યની મહિલા સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા અને વિકાસના મુદ્દાઓ પર જોરદાર નિશાન સાધ્યું. મયુરેશ્વરના પલ્લી મંગલ ક્લબ મેદાનમાં રેલીને સંબોધતા, અમિત શાહે ઝખઈ સરકાર પર રાજ્યમાં મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો. તેમણે RG કર બળાત્કાર કેસનો ઉલ્લેખ કર્યો અને મહિલાઓને સાંજે ૭ વાગ્યા પછી બહાર ન નીકળવાની સલાહ આપતી ઘટના પછી મુખ્યમંત્રી મમતા બેનર્જીના નિવેદનની ટીકા કરી. શાહે કહ્યું કે મહિલા મુખ્યમંત્રી હોવા છતાં, તેઓ રાજ્યમાં મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ ગયા છે. તેમણે કહ્યું, ‘મમતા દીદી કહે છે કે મહિલાઓએ સાંજે ૭ વાગ્યા પછી ઘરની બહાર ન નીકળવું જોઈએ. પોતે મહિલા મુખ્યમંત્રી હોવા છતાં, તમે બંગાળની બહેનોનું રક્ષણ કરી શક્યા નહીં.’

આ બેઠક દરમિયાન, અમિત શાહે ભાજપને એક મજબૂત વિકલ્પ ગણાવતા દાવો કર્યો હતો કે જો રાજ્યમાં ભાજપની સરકાર બનશે, તો કાયદો અને વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો થશે. તેમણે એક એવું બંગાળ બનાવવાનું વચન આપ્યું હતું જ્યાં મહિલાઓ રાત્રે પણ સુરક્ષિત અનુભવશે અને કોઈ હિંસક ઘટનાઓ નહીં બને. તેમણે જનતાને કહ્યું, ‘બસ એક વાર ભાજપની સરકાર બનાવો, અને અમે એક એવું બંગાળ બનાવીશું જ્યાં એક નાની છોકરી પણ સવારે ૧ વાગ્યે સ્કૂટર ચલાવી શકશે. સંદેશખલી, આરજી કાર, દુર્ગાપુર લો કોલેજ અથવા દક્ષિણ કોલકાતા લો કોલેજ જેવી ઘટનાઓ નહીં બને.’ મંત્રીએ મુખ્યમંત્રી પર હિંસા અને ભયનું વાતાવરણ બનાવવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું, ‘હું મમતા દીદીનું ભાષણ જોઈ રહ્યો હતો. તેઓ અહીં બહુમતી સમુદાયને ડરાવી રહ્યા હતા, એમ કહીને કે જો ટીએમસી ગઈ તો બહુમતી સમુદાયનું અસ્તિત્વ ખતમ થઈ જશે. તેમના કાર્યકાળ દરમિયાન, મુર્શિદાબાદમાં રમખાણો થયા, રામ નવમી પર હુમલા થયા અને સરસ્વતી પૂજા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. ત્યારે તે ક્યાં ગઈ?’ શાહે એમ પણ કહ્યું કે આગામી વિધાનસભા ચૂંટણી રાજ્યમાં એક વળાંક સાબિત થશે. તેમણે કહ્યું, ‘ટીએમસીના ગુંડાઓ હવે બોમ્બ વિસ્ફોટોથી બંગાળના લોકોને ડરાવી શકશે નહીં. બંગાળના લોકો બોમ્બનો જવાબ મતપત્રો અને ભયથી આત્મવિશ્વાસથી આપશે. હું બંગાળના લોકોને કહેવા માંગુ છું કે મતપત્ર પર કમળનું પ્રતીક શોધો. ભાજપ સરકાર બધા ટીએમસી ગુંડાઓને શોધવાની જવાબદારી લેશે.’

તેમણે વધુમાં કહ્યું, ‘આજે હું ટીએમસીના ગુંડાઓને કહી રહ્યો છું - ૨૩ એપ્રિલે તમારા ઘરોમાં બંધ રહો, નહીં તો તમને ૪ મેના રોજ એકલા પાડીને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવશે.’ તેમણે કહ્યું, ‘૨૩ એપ્રિલે, કોઈ પણ ટીએમસી ગુંડા બંગાળના મતદારોનો વાળ પણ નુકસાન પહોંચાડી શકશે નહીં.’

# કોંગ્રેસને ઉમેદવાર તૂટવાનો ડર ?

## ૪૫ થી વધુ ઉમેદવારોને અજ્ઞાત જગ્યા પર લઈ જવાનો તખ્તો તૈયાર



રાજકોટ, તા. ૧૪

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે દરેક રાજકીય પક્ષ હાલ લોકોને રીઝવવા માટે મથમણ કરી રહ્યું છે પરંતુ સામે ઘણા ખરા ઉમેદવારો પક્ષ પલટો પણ કરી રહ્યા હોય તેવી એક નહીં અનેકવિધ ઘટનાઓ હાલ જોવા મળી રહી છે. રાજકોટ શહેર ન વાત કરવામાં આવે તો મહાનગરપાલિકા ની ૭૨ બેઠકો માટે ખરાખરીનો જંગ જામ્યો છે. તેમાં ભાજપ અને કોંગ્રેસના વોર્ડના આગેવાનો પોતાના પક્ષને છોડી રહ્યા છે અને રાજીનામાનો દોર ચાલ્યો હોય તેવું ચિત્ર આંખે વળગ્યું છે. હાલ આ વાતનો ડર કોંગ્રેસ પક્ષને પણ સતાવી રહ્યો છે ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર આશરે ૪૫ જેટલા જે ઉમેદવારો છે તેઓને અજ્ઞાત જગ્યા પર લઈ જવામાં આવશે તેવું પણ હાલ જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ કોંગ્રેસ પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર આ એ ઉમેદવારો છે કે જે નવા હોય ત્યારે અન્ય પાર્ટીમાં તેઓ ન જાય અને તેઓને તોડવામાં ન આવે તે માટે હાલ અજ્ઞાત સ્થળ પર લઈ જવાનું આયોજન કોંગ્રેસ પાર્ટી દ્વારા કરવામાં આવ્યું હોવાનું પણ રાજકીય વર્તુળો જણાવી રહ્યા છે. સંબંધિત સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ એ તમામ ૪૫ ઉમેદવારો પર નજર રાખવામાં આવી રહી છે અને જો સ્થિતિ બેકાબૂ બનશે તો તેઓને અજ્ઞાત સ્થળ ઉપર પણ લઈ જવાશે જેથી કોંગ્રેસને વધુ ડેમેજ ન થાય.

હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેતા કોંગ્રેસ પાર્ટી લોકો સુધી પહોંચવામાં નિષ્ફળ નિવૃત્તિ છે તો ભાજપનું બુથ લેવલ મેનેજમેન્ટ ના પગલે હાલ ધારી સફળતાઓ પણ મળી રહી છે ત્યારે મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસને નિરાશા નો સામનો ન કરવો પડે તે માટે તેમના ઉમેદવારોને સાચવી રાખવા પણ એટલા જ મહત્વના છે જેના માટે તેઓને અજ્ઞાત જગ્યા પર લઈ જવા માટેની તમામ તૈયારીઓ પણ કરી લેવામાં આવી હોય તેવું સૂત્રોએ જણાવ્યું હતું. કોંગ્રેસ પોતાની શંકાનું સમાધાન કરવા માટે જે નવા અને પ્રથમ વખત ચૂંટણી લડી રહ્યા છે તેવા ઉમેદવાર ઉપર પોતાની નજર કેન્દ્રિત કરી છે અને ખાસ તખ્તો પણ ગોઠવી દેવામાં આવ્યો છે. હાલ સાસણ, અથવા દીવ લઈ જવાની વાત વાયુવેગે ફેલાઈ રહી છે. કોંગ્રેસ પાર્ટી ને હાલ એ જ વાતનો ડર છે કે ઉમેદવારો સેટિંગ કરી ફોર્મ પરત ન ખેંચે તે હેતુથી આ પગલાં લેવામાં આવ્યા છે કારણકે આવતીકાલે ફોર્મ ખેંચવાનો અંતિમ દિવસ છે ત્યારે ભાજપ કોંગ્રેસની બાજી ન બગાડે તે માટે હાલ તમામ તૈયારીઓને આખરીઓ આપવામાં આવ્યો છે.

### અરજીમાં વ્યક્ત કરાયેલી આશંકા અકાળ ગણાવી

# મતદાર યાદીમાંથી નામ કમી સામેની અરજીની સુનાવણીનો ઈનકાર કરતી SC

નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટે સોમવાર, ૧૩ એપ્રિલના રોજ પશ્ચિમ બંગાળમાં સ્પેશિયલ ઈન્સ્ટિટ્યૂશનલ રિવિઝન (જીઈછ) દરમિયાન મતદાર યાદીમાંથી તેમના નામ કાઢી નાખવામાં હસ્તક્ષેપ કરવાની માંગ કરતી ૧૩ લોકોના જૂથની અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે અરજીને નસ્ત્રઅકાળસ્ત્રસ્ત્ર ગણાવી, પીડિત પક્ષોને સ્થાપિત અપીલ ટ્રિબ્યુનલનો સંપર્ક કરવાનો નિર્દેશ આપ્યો હતો અને કહ્યું કે, અરજદારો (કુરૈશા યેસ્મીન અને અન્ય) પહેલાથી જ અપીલ ટ્રિબ્યુનલનો સંપર્ક કરી ચૂક્યા હોવાથી અમારા મતે, અરજીમાં વ્યક્ત કરાયેલી આશંકા અકાળ છે. જો અરજી મંજૂર કરવામાં આવે તો જરૂરી પરિણામો આવશે.

આ અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે ચૂંટણી પંચ યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના નામો ટૂંકમાં કાઢી રહ્યું છે, અને આ કાઢી નાખવા સામેની અપીલો પર સમયસર સુનાવણી થઈ રહી નથી.

કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશે મતદાર યાદીમાંથી વ્યક્તિઓના નામ કાઢી નાખવા સામેની અપીલોનો નિર્ણય લેવા માટે ભૂતપૂર્વ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશો અને ન્યાયાધીશોના નેતૃત્વમાં ૧૯ જેટલા ટ્રિબ્યુનલની સ્થાપના કરી છે. પોલ પેનલ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ ડી.એસ. નાયડુએ કોર્ટને માહિતી આપી હતી કે હાલમાં લગભગ ૩૦ થી ૩૪ લાખ અપીલો પેન્ડિંગ છે. દરેક ટ્રિબ્યુનલ પાસે હવે એક લાખથી વધુ અપીલો હેન્ડલ કરવાની છે.

અરજદારોના વકીલે દલીલ કરી હતી કે ચૂંટણી પંચ સંબંધિત ન્યાયિક અધિકારીઓ સમક્ષ જરૂરી આદેશો આપવામાં નિષ્ફળ ગયું છે અને મતદાર યાદીઓ માટે નસ્ત્રસ્થિર કરવાની તારીખસ્ત્રસ્ત્ર લંબાવવી જોઈએ.

સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ બાગચીએ કહ્યું કે, જે દેશમાં તમે જન્મ્યા છો ત્યાં મતદાન કરવાનો અધિકાર ફક્ત બંધારણીય નથી, પરંતુ ભાવનાત્મક છે. તે લોકશાહીનો ભાગ બનવા અને સરકાર પસંદ કરવામાં મદદ કરવા વિશે છે. તેમણે કહ્યું કે ભૂતપૂર્વ ન્યાયાધીશો દ્વારા સંચાલિત ટ્રિબ્યુનલ્સને નિર્ણયો માટે સમયમર્યાદા નક્કી કરીને વધુ પડતો બોજ આપી શકાય નહીં. આપણે યોગ્ય પ્રક્રિયાના અધિકારોનું રક્ષણ કરવાની જરૂર છે.

ન્યાયાધીશ બાગચીએ નોંધ્યું કે કોલકાતા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશે અપીલ માટે પહેલેથી જ પદ્ધતિ અને પદ્ધતિ ઘડી કાઢી હતી, જે સોમવારથી શરૂ થઈ હતી. જ્યાં સુધી મોટી સંખ્યામાં મતદારોને બાકાત રાખવામાં ન આવે અથવા તે ચૂંટણીને ભૌતિક રીતે અસર ન કરે ત્યાં સુધી ચૂંટણી રદ કરી શકાતી નથી, ન્યાયિક હસ્તક્ષેપનો હેતુ ચૂંટણીઓને પ્રોત્સાહન આપવાનો છે, તેમને અટકાવવાનો નથી.

# હવામાન ખાતાનું ચિંતાજનક મોન્સુન એલર્ટ

## અલ નીનોની દહેશતે ગરમી વધારે અને ચોમાસું નબળું જવાની આગાહી

નવી દિલ્હી, તા.૧૩

દેશમાં આ વખતે ચોમાસાને લઈને હવામાન વિભાગે ચિંતાજનક એલર્ટ જાહેર કર્યું છે. ભારતીય હવામાન વિભાગ (IMD)એ ચોમાસા અંગે ચિંતા વ્યક્ત કરી છે. IMDએ સંભાવના વ્યક્ત કરી છે કે ૨૦૨૬નું દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સામાન્ય કરતા નબળું રહી શકે છે. જેનો અર્થ એ છે કે વરસાદ ઓછો થશે. હવામાન વિભાગ (IMD) મુજબ, જૂન થી સપ્ટેમ્બર વચ્ચે દેશભરમાં વરસાદ લોંગ પીરિયડ એવરેજ (LPA)ના ૯૨ ટકા રહેવાનો અંદાજ છે, જે પબિલો નોર્મલથ (સામાન્યથી ઓછું) શ્રેણીમાં આવે છે. સાથે જ હવામાન વિભાગે અલ નીનો સર્જાવાની આશંકા પણ વ્યક્ત કરી છે, જેનાથી ચોમાસા પર વધુ દબાણ વધી શકે છે. વર્ષ ૨૦૨૬ના દક્ષિણ-પશ્ચિમ ચોમાસા અંગે જાહેર કરાયેલા લાંબા ગાળાના પૂર્વાનુમાનમાં આ વખતે દેશભરમાં સામાન્ય કરતા ઓછો વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગ મુજબ આ વર્ષે ચોમાસાની સિઝન (જૂન થી સપ્ટેમ્બર) દરમિયાન કુલ વરસાદ દીર્ઘકાલીન સરેરાશ (LPA)ના લગભગ ૯૨ ટકા રહી શકે છે. આ અંદાજમાં પ્લસ માઈનસ ૫ ટકાની ભૂલ શક્ય છે, એટલે કે વાસ્તવિક વરસાદ ૮૭ ટકા થી ૯૭ ટકાની વચ્ચે રહી શકે છે. એટલે કે વાસ્તવિક વરસાદ આનાથી થોડો ઉપર-નીચે થઈ શકે છે, પરંતુ પ્રારંભિક સંકેતો નબળા ચોમાસા તરફ ઈશારો કરી રહ્યા છે.

હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, ૧૯૭૧ થી ૨૦૨૦ના આંકડાઓના આધારે દેશમાં ચોમાસાનો સરેરાશ વરસાદ ૮૭ સેમી માનવામાં આવે છે. આવી સ્થિતિમાં ૨૦૨૬નો અંદાજ આ સરેરાશથી નીચે રહેવા તરફ સંકેત આપે છે. આ સ્થિતિ કૃષિ, જળ સંસાધનો અને ગ્રામીણ અર્થતંત્ર પર અસર કરી શકે છે, ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં વરસાદ પર નિર્ભરતા વધુ છે. જો કે પૂર્વોત્તર ભારત, ઉત્તર-પશ્ચિમના કેટલાક ભાગો અને દક્ષિણ દ્વીપકલ્પના વિસ્તારોમાં સામાન્ય અથવા તેનાથી વધુ વરસાદ થઈ શકે છે. આ પ્રાદેશિક અસમાનતા ચોમાસાના વિતરણને પ્રભાવિત કરી શકે છે.

એપ્રિલ થી જૂન ૨૦૨૬ વચ્ચે ભૂમધ્યરેખીય પ્રશાંત મહાસાગરમાં ENSO (એલ નીનો-સધર્ન ઓસિલેશન)ની સ્થિતિ તટસ્થ રહેવાની શક્યતા છે. પરંતુ જૂન પછી અલ નીનો જેવી પરિસ્થિતિઓ વિકસી શકે છે, જે સામાન્ય રીતે ભારતમાં ચોમાસાને નબળું પાડે છે. સાથે જ પ્રચંડ ગરમી પણ લોકોની હાલત ખરાબ કરી શકે છે. બીજી તરફ, જો અલ નીનો સંપૂર્ણ રીતે વિકસિત થાય છે, તો વરસાદમાં ધાર્યા કરતાં વધુ ઘટાડો જોવા મળી શકે છે. હિંદ મહાસાગરમાં હાલમાં ઈન્ડિયન ઓશન ડાઈપોલ (IOD) ની સ્થિતિ તટસ્થ બનેલી છે, પરંતુ ચોમાસાના અંત સુધીમાં તે સકારાત્મક થવાની સંભાવના છે. સકારાત્મક IOD સામાન્ય રીતે ચોમાસા માટે સાનુકૂળ માનવામાં આવે છે અને તે અલ નીનોની નકારાત્મક અસરોને અમુક અંશે સંતુલિત કરી શકે છે એટલે કે તેને ઠારી શકે છે.

### મે મહિનામાં હવામાનની સ્થિતિનું મેજર અપડેટની સંભાવના

જાન્યુઆરી થી માર્ચ ૨૦૨૬ દરમિયાન ઉત્તર ગોળાર્ધ અને યુરેશિયામાં બરફથી ઢંકાયેલો વિસ્તાર સામાન્ય કરતા થોડો ઓછો રહ્યો છે. આ સ્થિતિ ચોમાસા માટે સાનુકૂળ માનવામાં આવે છે, કારણ કે તેનાથી જમીન અને સમુદ્રના તાપમાનમાં તફાવત વધે છે, જે ચોમાસુ પવનોને મજબૂતી આપે છે. એવું માનવામાં આવે છે કે આ પૂર્વાનુમાન પછી હવામાન વિભાગ મે ૨૦૨૬માં બીજું અપડેટ જાહેર કરશે, જેમાં વધુ સ્પષ્ટતા આવવાની આશા છે. જો કે ભારતની વર્ષા ઋતુને હિન્દ મહાસાગરમાં થતા ફેરફાર સાથે પણ સીધો સંબંધ છે. આ ફેરફારને હવામાનની ભાષામાં ઈન્ડિયન ઓશન ડાયપોલ(આઈ.ઓ.ડી.) કહેવાય છે.સાથોસાથ યુરોપ ખંડમાં બરફનું પ્રમાણ અને સ્થાનિક પરિબળોને પણ ધ્યાનમાં લેવાં જરૂરી છે. કહેવાનો અર્થ એ છે કે ભારતના ચોમાસા માટે ફક્ત અલ નીનો કે લા નીના ઉપરાંત પણ અન્ય કુદરતી પરિબળોને પણ ધ્યાનમાં રાખવાં જરૂરી હોય છે.

### આ અન્યાયની ચરમસીમા છે : અખિલેશ યાદવે યોગી સરકારની ટીકા કરી

# નોઈડામાં કામદારોના વિરોધ પ્રદર્શન બન્યા હિંસક

નોઇડા, તા.૧૩

નોઇડામાં વેતન અંગે કામદારોના વિરોધ પ્રદર્શન હિંસક બન્યા બાદ અખિલેશ યાદવે યુપી સરકારની ટીકા કરી છે. જેમાં વાહનો સળગાવી દેવામાં આવ્યા અને પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ₹૧૫,૦૦૦ થી ઓછી કમાણી કરતા કામદારોએ વધુ સારા પગાર અને શરતોની માંગ કરી હતી. પોલીસે ભીડને કાબૂમાં લેવા માટે ટીયર ગેસનો ઉપયોગ કર્યો, જ્યારે સીએમ યોગી આદિત્યનાથે કામદારોને ઉશ્કેરનારાઓ સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.

સમાજવાદી પાર્ટી (જી) ના વડા અખિલેશ યાદવે સોમવારે નોઇડા ફેઝ ૨ માં એક કંપનીના કર્મચારીઓ દ્વારા વિરોધ પ્રદર્શનમાં હિંસા મુદ્દે યોગીની આગેવાની હેઠળની યુપી સરકારની ટીકા કરી છે.

તેમણે કહ્યું કે, ભાજપ સરકાર હેઠળ અન્યાય ચરમસીમાએ પહોંચી ગયો છે. તમામ પ્રકારના અન્યાય થઈ રહ્યા છે. આર્થિક રીતે અન્યાય થઈ રહ્યો છે. વધતી મોંઘવારી દ્વારા અન્યાય થઈ રહ્યો છે. વધતી બેરોજગારી દ્વારા અન્યાય થઈ રહ્યો છે. આજે નોઈડામાં આપણે જે જોયું તે કામદારો મોટા પાયે તેમના અધિકારોની માંગ કરી રહ્યા છે. સંપૂર્ણ જવાબદારી વહીવટીતંત્ર અને સરકારની છે. જ્યારે અન્ય રાજ્યોમાં કામદારોના પગારમાં વધારો કરવામાં આવ્યો હતો, ત્યારે ઉત્તર પ્રદેશમાં સરકારે રાહત કેમ આપી નથી?

વિરોધ કરી રહેલા કામદારોએ કહ્યું કે તેઓ મહિને ૧૫,૦૦૦ રૂપિયાથી ઓછી કમાણી કરે છે અને પ્રશ્ન કર્યો કે તેઓ આ રકમથી કેવી રીતે ગુજરાન ચલાવી શકે છે. કેટલાક લોકોએ એમ પણ કહ્યું કે તેમની પાસેથી ૧૨ કલાક કામ કરાવવામાં આવે છે અને ૮ કલાકની શિફ્ટની માંગણી કરી હતી. આજે વહેલી સવારે, નોઈડાના ફેઝ ૨ માં પગાર વધારાને લઈને કામદારોનો વિરોધ હિંસક બન્યો. વિરોધ દરમિયાન, એક કારને આગ ચાંપી દેવામાં આવી, વાહનો અને મિલકત પર તોડફોડ કરવામાં આવી અને પથ્થરમારો કરવામાં આવ્યો. વિસ્તારમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી. પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ભારે દળ તૈનાત કર્યું. ભીડને વિખેરવા માટે ટીયર ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

કામદારોએ બોનસ ચૂકવણી, સાપ્તાહિક રજા, ઓવરટાઇમ પગાર અને સમયસર પગાર સહિત અનેક માંગણીઓ ઉઠાવી હોવાનું કહેવાય છે. તેમણે જાતીય સતામણી સમિતિ, ફરિયાદ સેલ અને પગાર સ્લિપ જારી કરવાની પણ માંગ કરી હતી. હરિયાણામાં તાજેતરમાં લઘુત્તમ વેતન કામદારો માટે ૩૫% વેતન વધારાએ એક મિસાલ સ્થાપિત કરી છે કે નોઈડાના કામદારો હવે પણ માંગ કરી રહ્યા છે.

નોઈડાના ઘણા ભાગોમાં આ વિરોધ પ્રદર્શનને કારણે ભારે ટ્રાફિક જામ થયો છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અધિકારીઓને કામદારોને ઉશ્કેરવાનો પ્રયાસ કરતા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.

# હોર્મુઝમાં નાકાબંધી તોડવાની કોશિશ કરી તો જહાજને ઉડાવી દઈશું : ટ્રમ્પની નવી ચેતવણી

**ઈરાનને કડક શબ્દોમાં US પ્રમુખની ધમકી : ઈરાનની નેવીને ખતમ કરી દેવાશે**



નવી દિલ્હી, તા.૧૩

અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ફરી એકવાર ઈરાનને કડક શબ્દોમાં ધમકી આપી છે. ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો હોર્મુઝમાં અમેરિકન નેવીની નાકાબંધી દરમિયાન કોઈ પણ ઈરાની જહાજ આડું આવશે, તો તેને તબાહ કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનમાં ઈરાન સાથેની મંત્રણા નિષ્ફળ ગયા બાદ ટ્રમ્પ ગુસ્સામાં છે અને સતત ઈરાનને ચેતવણી આપી રહ્યા છે. પટ્રુથ સોશિયલથ પર એક પોસ્ટમાં ટ્રમ્પે લખ્યું કે, ઈરાની નેવીને સંપૂર્ણપણે ખતમ કરી દેવામાં આવશે. તેમણે વધુમાં લખ્યું કે, ઈરાની નેવી સમુદ્રના તળિયે પડી છે અને તેમના ૧૫૮ જહાજો ત્યાં છે. અમે હજુ તેમને મારી શક્યા નથી. આ લોકો તેને નફાસ્ટ એટેક શિપ્સથ કહે છે, પરંતુ અમે તેને મોટો ખતરો માનતા નથી.

રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું,-થનાકાબંધીને તોડવાની કોશિશ કોઈ જહાજ કરશે તો તેને ઉડાવી દઈશું, જેવી રીતે અમે ડ્રગ્સ તસ્કરોના જહાજને નષ્ટ કરી દઈએ છીએ તેવી જ રીતેથ

નોંધનીય છે કે અમેરિકાએ જાહેરાત કરી હતી કે તે સોમવારે પૂર્વીય સમય મુજબ સવારે ૧૦ વાગ્યે અથવા ઈરાનના સ્થાનિક સમય મુજબ સાંજે ૫:૩૦ વાગ્યાથી ઈરાની બંદરોની નાકાબંધી શરૂ કરશે. પયુએસ સેન્ટ્રલ કમાન્ડથ (સેન્ટકોમ)એ જણાવ્યું હતું કે આ નાકાબંધી તમામ દેશોના એવા જહાજો સામે નિષ્પક્ષ રીતે લાગુ કરવામાં આવશે જે ઈરાનના બંદરો અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રવેશી રહ્યા છે અથવા ત્યાંથી બહાર જઈ રહ્યા છે. જો કે સેન્ટકોમે સ્પષ્ટ કર્યું કે જે જહાજો બિન-ઈરાની બંદરો વચ્ચે મુસાફરી કરી રહ્યા છે તેમને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી આપવામાં આવશે. ઈરાનની નફાસ્ટ એટેક શિપ્સથ નાની પણ અત્યંત ઝડપી અને હથિયારોથી સજ્જ નૌકાઓ છે. કટોકટીના સમયે હોર્મુઝમાંથી પસાર થતા મોટા જહાજોને નિશાન બનાવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ શિપ્સનું સંચાલન પરિવોલ્યુશનરી ગાર્ડ કોપ્ર્સ નેવીથ (IRGC) દ્વારા કરવામાં આવે છે. નધ વોલ સ્ટ્રીટ જર્નલથના રિપોર્ટ મુજબ, અમેરિકા-ઈઝરાયલના હુમલાઓ છતાં હોર્મુઝ પર નજર રાખનારા IRGCના ૬૦ ટકાથી વધુ ફાસ્ટ એટેક ક્રાફ્ટ હજુ પણ ત્યાં હાજર છે. જો કે અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓએ ઈરાનની પરંપરાગત નૌસેનાને ભારે નુકસાન પહોંચાડ્યું છે, જેમાં ૧૫૦થી વધુ જહાજો ડૂબી ગયા છે. વિશ્લેષકોનું કહેવું છે કે આ નાના જહાજોને શોધવા મુશ્કેલ છે કારણ કે તેમને ઈરાનના દરિયાકાંઠાની આડમાં છુપાવી શકાય છે.

# મતદારોને બાકાત રાખ્યા પછીની ચૂંટણી ન્યાયી ન હોઈ શકે

નવી દિલ્હી, તા.૧૩

નવી દિલ્હીઃ દેશના અગ્રણી અંગ્રેજી અખબારોએ ૧૦ એપ્રિલે બંગાળમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારણા (SIR) ની ટીકા કરી હતી, જ્યાં ૯૦ લાખથી વધુ લોકો કાઢી નાખવામાં આવ્યા છે અને ૨૭ લાખ નિર્ણય માટે રાહ જોઈ રહ્યા છે તેઓ આગામી ચૂંટણીમાં મતદાન કરી શકશે નહીં. આ સંપાદકોએ ચૂંટણી પંચ દ્વારા ચિંતાજનક પગલાં અને લોકોને બાકાત રાખ્યા પછી હાથ ધરવામાં આવેલી ચૂંટણીની વિશ્વસનીયતા અંગે પ્રશ્ન કર્યો હતો.

હિન્દુસ્તાન ટાઈમ્સે ભારતીય લોકશાહીને સમૃદ્ધ બનાવવામાં ચૂંટણી પંચની ભૂમિકા દર્શાવી છે, જ્યાં ગરીબી અને નિરક્ષરતા હોવા છતાં, એક યુવા રાષ્ટ્રે ૧૯૫૧-૫૨ માં વિશ્વને બતાવ્યું કે તે દરેક નાગરિકના મતને સમાન રીતે સફળતાપૂર્વક મૂલ્ય આપી શકે છે, અને વિશાળ અને વૈવિધ્યસભર પરિદૃશ્યમાં ચૂંટણીનું એક વિશિષ્ટ મોડેલ પણ સ્થાપિત કરી શકે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય લોકશાહીના મૂળનો શ્રેય મોટાભાગે ચૂંટણી પંચને જાય છે, તેથી જ ચૂંટણી સંસ્થાની હાલની કાર્યવાહી વધુ ચિંતાજનક છે.




**અંગ્રેજી અખબારના સંપાદકોએ ચૂંટણી પંચના બંગાળ SIRની ટીકા કરી**

ભારતમાં, ચૂંટણી કમિશનરોની પસંદગી માટે કારોબારી જવાબદાર છે. ભૂતકાળના કેટલાક વિવાદો છતાં, ECI મોટાભાગે પક્ષપાતી રાજકારણથી દૂર રહીને વિશ્વસનીય મતદાન સુનિશ્ચિત કરવામાં સફળ રહ્યું છે (ખાસ કરીને ટી.એન. શેષન દ્વારા શરૂ કરાયેલા મોટા પાયે સુધારાઓ પછી). તેણે એક પછી એક વિવાદો સાથે તેની સ્થિતિને નુકસાન પહોંચાડવાનું જોખમ ન લેવું જોઈએ, ભલે ગમે તેટલી ઉશ્કેરણી હોય. તેના તાજેતરના કાર્યોથી પક્ષપાતની ધારણા ઊભી થાય છે જે દેશની અન્ય સંખ્યાબંધ સંસ્થાઓને કલંકિત કરે છે. તેના બદલે ECI એ વિશ્વના સૌથી મોટા લોકશાહીના રક્ષક તરીકે તેની પ્રતિષ્ઠાને બચાવવા માટે કામ કરવું જોઈએ.

બિહારમાં SIR પણ વિવાદાસ્પદ હતું, ત્યારે પશ્ચિમ બંગાળમાં આ કવાયતના આચરણને કારણે મોટા પાયે બાકાત અને મતાધિકારથી વંચિત રાખવામા આવ્યા છે. અન્ય રાજ્યોથી વિપરીત, ૬૦ લાખ મતદારોને ઝડપી નિર્ણય પ્રક્રિયામાંથી પસાર કરવામાં આવ્યા હતા. આ ૬૦ લાખમાંથી, આશરે ૩૨.૬૮ લાખ લાયક ઠર્યા હતા, જ્યારે ૨૭.૧૬ લાખને અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતા. સુધારણા પહેલાના વ્યાપક આંકડાઓ સામે, કુલ મતદારોની સંખ્યામાં ૧૧.૬૧% ઘટાડો થયો છે.

આ ૨૭ લાખ લોકો હવે સુપ્રીમ કોર્ટના દેખરેખ હેઠળ સ્થાપિત ૧૯ ટ્રિબ્યુનલમાં જશે, જ્યાં તેમની અપીલો સાંભળવામાં આવશે. જોકે, ૨૩ એપ્રિલે યોજાનારી પ્રથમ તબક્કાની ચૂંટણી અને ૨૯ એપ્રિલે બીજા તબક્કાની ચૂંટણી સુધીમાં તેમની અપીલો સાંભળવામાં આવશે કે નહીં તે અંગે કોઈ ખાતરી નથી. સુપ્રીમ કોર્ટે ગયા અઠવાડિયે રાજ્યના એપેલેટ ટ્રિબ્યુનલ્સને મતદાર યાદીમાંથી બહાર રહેલા લોકોની અપીલો પર નિર્ણય લેવા માટે સમયમર્યાદા નક્કી કરવાનો ઈનકાર કર્યો હતો.

ડેક્કન હેરાલ્ડે તેના તંત્રીલેખમાં જણાવ્યું હતું કે સમયમર્યાદાના અભાવે નિવારણની લાંબી પ્રક્રિયા થશે જે હજુ સુધી યોગ્ય રીતે શરૂ થઈ શકી નથી. લાખો મતદારોની યાદીમાંથી બહાર રહેવાથી ચૂંટણી પરિણામ પર અસર થઈ શકે છે. આટલા મોટા પાયે લોકોને બાકાત રાખ્યા પછી યોજાયેલી ચૂંટણી ન્યાયી કે વિશ્વસનીય ન હોઈ શકે. કોર્ટની જવાબદારી છે કે તે હસ્તક્ષેપ કરે અને સિસ્ટમને ફરીથી સેટ કરે, અને દરેક નાગરિકને તેમના લોકશાહી અધિકારનો ઉપયોગ કરવા સક્ષમ બનાવે.

ધ હિન્દુએ પોતાના તંત્રીલેખમાં નોંધ્યું છે કે વિવાદાસ્પદ SIR પ્રક્રિયા સામેના ગુસ્સાએ ચૂંટણી કથાને શાસનના મુદ્દાઓ, રોજગાર સર્જનની જરૂરિયાત અને ઔદ્યોગિક વિકાસના મુદ્દાઓથી અલગ કરીને ઓળખના મુદ્દાઓ તરફ વાળી છે. SIR પરનો લોકોનો ગુસ્સો અને મતદારો પર તેમની યોગ્યતા સાબિત કરવા માટે લાદવામાં આવેલા ભારે બોજ, એ મોટાભાગે બેદરકાર રીતે ECI દ્વારા અપનાવવામાં આવેલી ખામીયુક્ત ગણતરી પ્રક્રિયાને કારણે છે, તે હવે નાગરિક અને શાસનના મુદ્દાઓને બાજુ પર રાખીને, એક ચૂંટણી મુદ્દો બની ગયો છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે, તૃણમૂલ કોંગ્રેસે SIR પરના અસંતોષને કેન્દ્ર અને ECIના કાવતરાના પરિણામે રજૂ કર્યો છે, જ્યારે ભાજપે ધાર્મિક આધાર પર ચૂંટણીઓનું ધ્રુવીકરણ કરવા માટે જીઈછ નો ઉપયોગ એક સાધન તરીકે કર્યો છે. પશ્ચિમ બંગાળને એવી રાજનીતિની સખત જરૂર છે જ્યાં મતદારોની ધાર્મિક અને ભાષાકીય ઓળખ પર નહીં, પરંતુ મોટાભાગે કૃષિ અને સેવા અર્થતંત્રમાં રોજગાર-સંચાલિત ઔદ્યોગિક વિકાસને કેવી રીતે પુનર્જીવિત કરવો તે અંગે સ્પર્ધા સાથે ચૂંટણી લડવામાં આવે.

# એજ્યુકેશન એડવાઈઝરને પતાવી દેવાની ધમકી

## ૪ સામે ગુનો, મવડીમાં વીઝન હાઈટ એપાર્ટમેન્ટમાં રહેતાં ચેતનભાઈને મિત્રો માટે મિત્રો જ બન્યાં દુશ્મન

રાજકોટ, તા.૧૩

મવડીમાં વીઝન હાઈટ એપાર્ટમેન્ટમાં રહેતાં એજ્યુકેશન એડવાઈઝરને દંપતી સહિત ચાર શખ્સોએ મારી નાંખવાની ધમકી આપતાં તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર મવડીમાં વીઝન હાઈટ એપાર્ટમેન્ટમાં રહેતાં ચેતનભાઈ વલ્લભભાઈ વાછાણી (ઉ.વ.૩૯) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિજય ગઢીયા, વિજયના પત્ની (રહે. કૃતી ઓનેલા, આસ્થા રેસીડેન્સી પાસે), ભાવેશ સેલડીયા અને સાગર પાનસૂરિયા (રહે. રાજકોટ) નું નામ આપતાં તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

ફરિયાદમાં ચેતનભાઈએ જણાવ્યું છે કે, તેઓ છેલ્લા ચારેક વર્ષથી ઓનલાઈન એજ્યુકેશન એડવાઈઝર તરીકે કામ કરે છે. છેલ્લા ૨૨ વર્ષથી રાજકોટમાં રહી મહિનામાં બે વખત બીઝનેશ અને સેલ્ફ ડેવલોપમેન્ટ ગ્રોથ માટે મીટીંગ થતી હોય છે, જેનુ નામ પ્રોગ્રેસ એલાયન્સ છે, જે સુરત શહેરની સંસ્થા છે. જુલાઈ-૨૦૨૫ માં ગોંડલ રોડ ગુરુકુળ ખાતે પ્રોગ્રેસ એલાયન્સની મીટીંગ થયેલ હતી, ત્યારે મુલાકાત વિજય ગઢીયા, સાગર પાનસુરીયા અને ભાવેશ સેલડીયા સાથે મુલાકાત થયેલ હતી.

ત્યારબાદ આઠેક મહિના પહેલા મિત્ર વિજયએ કહેલ કે, તમે શું કરો છો જેથી કહેલ કે, સુરત શહેરમાં ઓમ કોમ્યુનીટી નામની કંપની આવેલ છે તે આશરે આઠેક વર્ષથી સુરતમાં ઓનલાઈન એપ્લીકેશન તથા સોફ્ટવેર બનાવવાનુ કામ કરે છે, મે આ સોફ્ટવેર બનાવતી કંપનીમાં રોકાણ કરેલ છે. જેથી વિજયએ કહેલ કે, મારે આ કંપનીમાં રોકાણ



કરવુ છે, જેથી તેને આ કંપનીની લીંક મોકલુ છુ, તેમાં તમારે તમારૂ એકાઉન્ટ બનાવવાનુ રહેશે અને તેમાં તમારા મોબાઈલ નંબર અને આઈ.પી. એડ્રેસમાંથી તમારૂ એકાઉન્ટ બનશે તેમ વાત કરેલી હતી. વિજયે રોકડા રૂ.૯૨ હજાર આપેલા તે સુરતની સંસ્થામાં આ રૂપિયા જમા કરાવેલ અને તે વિજયએ બનાવેલ એકાઉન્ટમાં જમા થયેલ હતા. જાન્યુઆરી-૨૦૨૬માં આ કંપની બંધ થઇ ગયેલ હતી. સુરતમાં આ બનાવ બાબતે પોલીસમાં ફરીયાદ પણ થયેલ હતી. વિજય અવાર નવાર ફોન કરી રૂ.૯૨ હજાર માંગતો હતો. જેથી તેને જણાવેલ કે, તમે સુરતની કંપનીમાં રૂપિયા રોકેલ છે, તે બંધ થઈ ગઈ છે, જેથી તે બોલાચાલી કરવા લાગેલ હતો.

બાદ તા.૦૯/૦૩ ના રાતના ફરીયાદી પરીવાર ઘરે હાજર હતા ત્યારે ચારેય આરોપી સાથે એક બહેન તથા નાના બાળકો ઘરે આવેલા અને સાગર પાનસુરીયા તથા વિજયની પત્નિ સહિતના શખ્સો પરીવારના સભ્યો સાથે બોલાચાલી કરવા લાગેલા અને ભાવેશએ જતા જતા ધમકી આપેલ કે, તને હવે હું જોઇ લઇશ જેથી ૧૧૨ નંબર ઉપર ફોન કરી પોલીસની ગાડી બોલાવતા આ બધા ત્યાથી ભાગી ગયેલ હતા. ત્યારબાદ તા.૧૦/૦૩ના ફરીથી વિજયનો ફોન આવેલો તે ફોનમાંથી ભાવેશએ વાત કરેલી અને કહેલ કે, તુ કયા છો, તુ અમારી પાસે આવ, નહિતર તુ જ્યાં હોય ત્યાં અમે આવીએ જેથી તેને જણાવેલ કે, કાલે હુ તમારી ઓફીસે આવીશ પરંતુ તેને કહેલ તુ અત્યારે જ આવે તેમ કહી ગાળો દેવા લાગેલ જેથી આ બનાવ બાબતે અરજી કરેલ હતી.

**સફાઈ કામદાર પર હુમલો**

સાધુ વાસવાણી રોડ પર જનકપુરી આવાસ ક્વાર્ટરમાં રહેતાં પ્રદિપભાઈ મનોજભાઈ બારૈયા (ઉ.વ.૨૧) એ યુનીવર્સીટી પોલીસમાં નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકેનું નામ આપી જણાવ્યું હતું કે, તે સફાઈ કામદારનું કામ કરે છે.બે માસ પહેલા તેમને પૈસાની જરૂરીયાત હોય જેથી લાલા પરમાર પાસેથી રૂ.૧૦ હજાર ઉછીના લીધેલ અને યુવકે તેમનું બાઈક લાલાભાઈ પરમાર (ગઢવી)ને વાપરવા માટે આપી હતી. જે ગાડીના પૈસા આપી દીધી હોય અને ગાડી લેવા માટે ગઈકાલે રાત્રીના ગયા હતા ત્યારે આ લાલાએ જણાવેલ કે, ગાડી બીજે પડી છે. જેથી ગાડી લઈ આપવાનું જણાવતા તે બોલાચાલી કરવા લાગ્યો હતો અને અહીં આગળ તેના મિત્ર હકો ભરવાડ તથા રામભાઈ જે બાબતે માર મારવા લાગ્યો હતાં.લાલાએ યુવકને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી તારી ગાડી દેવી નથી તેમ કહી મને ઉંધી છરી ગળાના ભાગે મારી હકાભાઈ ભરવાડ અને રામભાઈએ રિક્ષામાંથી વાયર કાઢી માર માર્યો હતો. દેકારો કરવા લાગતા આરોપી નાસી છૂટ્યા હતાં. જે બાદ યુવકને ૧૦૮ મારફત સારવારમાં અત્રેનીસિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે તપાસ આદરી હતી.

### ભગવતીપરા પાસે હિટ એન્ડ રનનો બનાવ : સંત કબીર રોડ પરની સોસાયટીમાં એસિડ પીનાર પરિણીતાનું મોત

# સ્કોર્પિયો ચાલકે હડફેટે લેતા બાઈક ચાલક પ્રૌઢનું મોત

રાજકોટ, તા.૧૩

ભગવતીપરા પાસે હિટ એન્ડ રનની ઘટના બની હતી જેમાં સ્કોર્પિયો ચાલકે બાઈકને હડફેટે લેતા ભીખાભાઈ વાડોદરીયાનું મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, મેટોડા ગામના મૂળ વતની અને હાલ રાજકોટમાં મોરબી રોડ પર રાધિકા પાર્કમાં રહેતા મનીષ ભીખાલાલ વાડોદરીયા નામના યુવકે બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું.

કે, તેમના પિતા ભીખાલાલ વશરામભાઇ વાડોદરીયા (ઉંમર ૬૮) શનિવારે સાંજના મેટોડા ગામે આવેલ પોતાના ખેતરથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ભગવતીપરા વિસ્તારમાં કોપરગ્રીન સોસાયટી સામેના રોડ પર કાળા કલરની મહેન્દ્રા સ્કોર્પિયો જેના નંબર જીજે -૦૩- એમઆર -૦૧૪૭ ના ચાલકે તેઓને બાઇક સહિત હડફેટે લીધા હતા. અકસ્માત સર્જનાર બ્લેક સ્કોર્પિયોના આગળના ભાગે નુકસાન થયું હતું.

અને તેની પાછળના કાચ પર ગુજરાતીમાં 'મકરા' લખેલું હતું. અકસ્માત સર્જી ચાલક વાહન મૂકી નાસી છૂટ્યો હતો. પોલીસે સ્કોર્પિયો ચાલકની શોધખોળ હાથ ધરી હતી.

શક્તિ સોસાયટીમાં પરિણીતાનું મોત

રિધ્ધીબેન રણછોડભાઈ ધોળકિયા (ઉ.વ.




૨૦)ના લગ્ન ત્રણ વર્ષ પૂર્વે આજીડેમ નજીક માંડાડુંગર વિસ્તારમાં રહેતા યુવક સાથે થયા હતા. આ દરમિયાન રિધ્ધીને અન્ય એક યુવક સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો.બે દિવસ પૂર્વે મૈત્રી કરાર કરી પ્રેમી સાથે ભાગી ગઈ હતી. આ પછી માતા-પિતાએ આ સંબંધનો સ્વીકાર કરવાની ખાતરી આપી તેણીને પિયર બોલાવી હતી. આ પછી છૂટાછેડા લેવાની પ્રક્રિયા કરવાની હતી.શનિવારે સાંજે રિધ્ધીનો સામાન લેવા માટે તેના સાસરિયા પક્ષના સભ્યો પિયર શક્તિ સોસાયટીમાં આવ્યા હતા. જ્યાં સાસરિયાઓને જોઈને યુવતી ડરી ગઈ. પરત પતિ સાથે લઈ જશે એમ સમજી એસિડ ગટગટાવી લીધું હતું. તેણીને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી ત્યાં મોત નીપજ્યું હતું. રિધ્ધી ત્રણ ભાઈની એકની એક બહેન હતી. બનાવથી પરિવારમાં ઘેરો શોક છવાયો હતો.

જ્યારે અન્ય બનાવોમાં શહેરમાં રેલનગર વિસ્તારમાં રહેતી નવોઢાએ લાઈટ બંધ કરવા મુદ્દે પતિ સાથે ઝઘડો થતાં ઝેરી દવા પી લીધી હતી. પરિણીતાને ઝેરી અસર થતાં સારવાર માટે ખસેડવામાં આવી હતી.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રેલનગર વિસ્તારમાં આવેલ કર્ણાવતી સ્કૂલ પાસે રહેતી વૈશાલીબેન આનંદભાઈ પાંડે નામની ૨૧ વર્ષની પરિણીતાએ લાઈટ બંધ કરવા મુદ્દે પતિ સાથે ઝઘડો થતાં ઝેરી દવા પી લીધી હતી. પરિણીતાને ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં પરિણીતા મુળ વેસ્ટ બંગાળની વતની છે અને નવ માસ પૂર્વે જ આનંદ પાંડે સાથે પ્રેમ લગ્ન કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

બીજા બનાવમાં સામાકાંઠે આરટીઓ ઓફિસની બાજુમાં રહેતી ભાનુબેન અરવિંદભાઈ રંગપરા નામની ૨૭ વર્ષની પરિણીતા રાત્રીના સમયે પોતાના ઘરે રસોઈ બનાવતી હતી ત્યારે અકસ્માતે કુકર ફાંટતાં તેણી દાઝી ગઈ હતી. ઘટનાને પગલે ભાનુબેન રંગપરાને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ઉપરોકત બન્ને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આર્થિક ભીંસથી કંટાળેલા શ્રમિકે ખાધો ગળેફાંસો

### રેલનગરમાં સુતા બાદ ચાર વર્ષની બાળકીનું મોત : પરિવારમાં શોક

રાજકોટ, તા.૧૩

શહેરમાં આવેલા ભગવતીપરા વિસ્તારમાં રહેતાં શ્રમિક યુવાને આર્થિક ભીંસથી કંટાળી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકના મોતથી એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતાં પરિવારમાં શોક છવાયો છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, ભગવતીપરા વિસ્તારમાં આવેલ વિનોબાભાવે ટાઉનશીપમાં રહેતાં અનમોલ રામદાસભાઈ પાટીલ નામનો ૩૮ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે પંખામાં ચૂંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક યુવાન મુળ મહારાષ્ટ્રનો વતની અને ત્રણ ભાઈ બહેનમાં મોટો હતો અને તેને સંતાનમાં એક પુત્ર છે. મૃતક યુવાન મેટોડા કંપનીમાં કામ કરતો હતો. આર્થિક ભીંસથી કંટાળી આત્મઘાતી પગલું ભર્યુ હોવાનું જાણવા મળ્યુ છે.

આ ઉપરાંત બીજા બનાવમાં ખોડીયારનગર વિસ્તારમાં રહેતાં શિવમ આત્મારામ વિશ્વકર્મા નામનો ૨૫ વર્ષનો ઉત્તરપ્રદેશનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે કોઈ અગમ્ય કારણોસર પંખામાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. યુવકના મોતથી શ્રમિક પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. મૃતક યુવાન બે ભાઈ બે બહેનમાં નાનો અને તેને સંતાનમાં એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

નિંદરમાં માસૂમનું મોત

શહેરના રેલનગર વિસ્તારમાં રહેતાં નેપાળી પરિવારની ચાર મહિનાની બાળકી રાત્રે સુતા બાદ સવારે ઉઠી જ ન હતી. બેભાન હાલતમાં તેને સારવારમાં ખસેડવામાં



આવતાં તેનું મોત નિપજ્યું હતું. એક ભાઈની એકની એક બહેનના મોતથી પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી છે. રેલનગરમાં સનરાઈઝ સ્કૂલ પાસે અમીર રેસીડેન્સીમાં રહેતા અને ચોકીદારી કરતાં દેવરાજ વિશ્વકર્મા નામના નેપાળી યુવાનની ચાર મહિનાની બાળકી લક્ષ્મી ગત રાત્રે સુતા બાદ સવારે ઉઠતી ન હોય તેને બેભાન હાલતમાં સારવાર માટે ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કર્યુ હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્ર.નગર પોલીસ મથકમાં જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક બાળકી એક ભાઈ એક બહેનમાં નાની હતી. માસુમ પુત્રીના મોતથી નેપાળી પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# મહારાષ્ટ્ર, યુપીના માર્ગ પર કાળના ડેરા-તંબુ : ૨૬ના મોત

### મહારાષ્ટ્રના થાણે જિલ્લાના રાયતા બ્રિજ પર સિમેન્ટનું મિકસર અને વાન અથડાતા ૧૧ બન્યા કાળનો કોળીયો : નાસિકમાં બેકાબૂ કાર કૂવામાં ખાબકતા એક જ પરિવારના છ બાળકો સહિત ૯ના મોત : ઉતર પ્રદેશના ધૌલાના-ગુલાવટી રોડ જાનની બર સાથે ટ્રક અથડાતા ૬ની જીંદગી છીનવાઈ








રાજકોટ, તા.૧૨

મહારાષ્ટ્રના થાણે અને નાસિક ઉપરાંત યુપીના માર્ગો પર રવિવારના રોજ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતોમાં ૨૬ની જીદગી પર અકાળે પૂર્ણવિરામ મુકાઈ જતા મૃતકોના સ્વજનોમાં હૈયાફાટ કલ્પાંતે પથ્થરદિલના લોકોને પણ શોકમાં ગરકાવ કરી દીધા હતા. અકસ્માતોની પ્રાપ્ત વિગતો મુજબ મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં મુરબાડ પાસેના રાયતા બ્રીજ પર પર સિમેન્ટ મિક્સર અને વાન વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ૧૧ મુસાફરોના ઘટના સ્થળે કમકમાટી ભર્યા મોત નીપજ્યા છે. અને એકને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

આ ભયાનક દુર્ઘટના સોમવારે સવારે અંદાજે ૧૧.૩૦ વાગ્યે બની હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, એક ખાનગી વાન મુસાફરોને લઈને જઈ રહી હતી ત્યારે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલા સિમેન્ટ મિક્સર ટ્રક સાથે તેની સામસામે ટક્કર થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે વાનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. નજરે જોનારના જણાવ્યા અનુસાર, અકસ્માતનો અવાજ એટલો પ્રચંડ હતો કે આસપાસના ગ્રામજનો તરત જ મદદ માટે દોડી આવ્યા હતા. દુર્ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને તબીબી ટીમો ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસના જણાવ્યા મુજબઃ વાનમાં સવાર તમામ ૧૧ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા.

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ડિંડોરી તાલુકામાં મોડી રાત્રે એક કાળજું કંપાવી દેનારી ઘટના સામે આવી છે. એક મારુતિ કાર ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર રસ્તાની બાજુમાં આવેલા પાણીથી ભરેલા ઉંડા કૂવામાં ખાબકી હતી. આ ભયાનક અકસ્માતમાં કારમાં સવાર છ બાળકો સહિત નવ મુસાફરોના પાણીમાં ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યા છે. મૃતકોમાં એક જ પરિવારના સભ્યો હોવાનું સામે આવ્યું છે,

મળતી માહિતી મુજબ, આ અકસ્માત ડિંડોરી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં મોડી રાત્રે સર્જાયો હતો. પરિવાર પોતાની મારુતિકાર કારમાં સવાર થઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક ચાલકે કાબૂ ગુમાવ્યો હતો. અંધારાને કારણે રસ્તાની બાજુમાં આવેલો ખુલ્લો કૂવો દેખાયો નહોતો અને કાર સીધી પાણીમાં જઈ પડી હતી. કાર પાણીમાં સંપૂર્ણપણે ગરકાવ થઈ ગઈ હોવાથી અંદર સવાર લોકોને બહાર નીકળવાની તક સુધ્ધાં મળી નહોતી.

અકસ્માતની જાણ થતા જ આસપાસના ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. કૂવામાં પાણી વધુ હોવાને કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી પડી હતી. ક્રેન અને સ્થાનિક તરવૈયાઓની મદદથી કારને બહાર કાઢવામાં આવી હતી, પરંતુ ત્યાં સુધીમાં કારમાં સવાર તમામ નવ લોકોના શ્વાસ થંભી ગયા હતા. પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે નજીકની હોસ્પિટલમાં મોકલી આપ્યા છે.મૃતકોમાં છ બાળકો, બે મહિલાઓ અને એક પુરુષનો સમાવેશ થાય છે. એક સાથે નવ અર્થીઓ ઉઠતા સમગ્ર પંથકમાં માતમ છવાઈ ગયો છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ પરિવાર કોઈ સામાજિક પ્રસંગ પતાવીને પરત ફરી રહ્યો હતો. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે ઉતર પ્રદેશના ધૌલાના-ગુલાવટી રોડ જાનની બસ સાથે ટ્રક અથડાતા છએ જીવ ગુમાવ્યા હતા. ઉત્તરપ્રદેશના હાપુડ જિલ્લામાં ધૌલાના-ગુલાવટી રોડ પર જાનની બસ સાથે ટ્રક અથડાતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં છ મુસાફરના ઘટના સ્થળે કમકમાટી ભર્યા મોત નીપજ્યા છે. જેમાં હસતા-રમતા પરિવારોની ખુશીઓ પળવારમાં માતમમાં ફેરવાઈ ગઈ છે. લગ્ન પ્રસંગના માહોલમાંથી પરત ફરી રહેલા જાનૈયાઓની બસને કાળમુખા ટ્રકે એવી જોરદાર ટક્કર મારી કે માર્ગ ચીસોથી ગુંજી ઉઠ્યો હતો. આ રક્તરંજિત અકસ્માતે ફરી એકવાર રસ્તાઓ પર સુરક્ષા અને સાવચેતી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. રાત્રિના અંધકારમાં સર્જાયેલા આ ભીષણ અકસ્માતના દ્રશ્યો એટલા હૃદયદ્રાવક હતા.

ધૌલાના-ગુલાવટી માર્ગ પર મુસાફરોથી ભરેલી એક બસ અને ટ્રક સામસામે અથડાઈ હતી. આ બસમાં કુલ ૧૨ જાનૈયાઓ સવાર હતા, જેઓ લગ્ન પ્રસંગ પૂર્ણ કર્યા પછી પરત ફરી રહ્યા હતા. રાત્રિના અંધકારમાં થયેલી આ ટક્કર એટલી જોરદાર હતી કે બસનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતની જાણ થતા જ પોલીસ અને વહીવટી તંત્રની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી હતી.

આ અકસ્માતમાં ૬ લોકોના કરુણ મોત ઘટનાસ્થળે જ નિપજ્યા હતા. ઈજાગ્રસ્ત થયેલા ૭ લોકોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. મૃતકોના પરિવારજનો ઘટના સ્થળે પહોંચતા જ હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા.

પોલીસે અકસ્માતગ્રસ્ત ટ્રકને રોડ પરથી હટાવી લીધી છે અને હાલમાં વાહન વ્યવહાર સામાન્ય રીતે કાર્યરત છે. પોલીસ આ મામલે કાયદેસરની કાર્યવાહી કરી રહી છે અને અકસ્માત પાછળના ચોક્કસ કારણોની તપાસ કરવામાં આવી રહી છે. રસ્તા પર વિખરાયેલો કાટમાળ અને લોકોની ચીસો અકસ્માતની ભયાનકતાની સાક્ષી પૂરી રહી હતી.

અકસ્માત પછી ટ્રકને સ્થળ પરથી હટાવી દેવામાં આવ્યો હતો. હાપુડના એસપી જ્ઞાનંજય સિંહે જણાવ્યું કે અકસ્માત પછી ટ્રકને સ્થળ પરથી હટાવી દેવામાં આવ્યો છે અને ટ્રાફિક ફરી સામાન્ય બનાવી દેવામાં આવ્યો છે. મૃતકોના પરિવારજનો પણ ઘટના સ્થળ અને હોસ્પિટલ પર પહોંચી ગયા છે. પોલીસે મૃતદેહોને કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા

# લગ્નના બહાને યુવતીએ યુવાનને ફસાવ્યો હનિટ્રેપમાં

## લગ્ન પૂર્વે સંબંધ બાંધી રૂ.૪.૨૯ લાખ રોકડ અને ૨૦ ગ્રામ સોનું પડાવી લીધાની પોલીસ કમિશનર સમક્ષ રાવ



રાજકોટ, તા.૧૩

શહેરમાં મેટ્રિમોનિયલ સાઈટ દ્વારા પરિચયમાં આવી લગ્નના બહાને યુવક સાથે છેતરપિંડીનો બનાવ બન્યો છે. આ મામલે ભોગ બનનાર યુવકે પોલીસ કમિશ્નર સમક્ષ અરજી કરી ન્યાય માટે રજૂઆત કરી છે.યુવતીએ રૂ.૪.૨૯ લાખ રોકડા અને ૨૦ ગ્રામ સોનું પડાવી લઈ દુષ્કર્મના કેસ માં ખોટી રીતે ફસાવી દેવાની ધમકી આપી હતી.

૧૫૦ ફૂટ રીંગ રોડ પર રહેતા કેયુર જયેશભાઈ જોષી નામના યુવકે રાજકોટ પોલીસ કમિશનર કચેરી અને મહિલા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.

યુવકનો આરોપ છે કે, એ યુવતીની યુવતીએ તેની સાથે હનીટ્રેપ રચી કુલ રૂ. ૪,૨૯,૦૦૦ રોકડા અને ૨૦ ગ્રામ સોનું ઓળવી લીધું છે. ફરિયાદની વિગતો મુજબ, જૂન ૨૦૨૪માં 'જીવનસાથી' મેટ્રિમોનિયલ એપ્લિકેશન દ્વારા કેયુરનો સંપર્ક યુવતી સાથે થયો હતો. યુવતીએ પોતે ડિવોર્સી હોવાનું જણાવી કેયુર સાથે મિત્રતા કેળવી હતી અને ત્યારબાદ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. વિશ્વાસમાં લીધા બાદ યુવતીએ અલગ-અલગ બહાના હેઠળ કેયુર પાસેથી સમયાંતરે નાણાં પડાવવાનું શરૂ કર્યું હતું.

કેયુરના જણાવ્યા મુજબ, તેની પાસે રોકડ રકમ ન હોવા છતાં યુવતીએ ઈમોશનલ બ્લેકમેલ કરી તેનું ૨૦ ગ્રામ સોનું મેળવી લીધું હતું અને તેના પર ડીસીબી બેંકમાંથી લોન લીધી હતી. જ્યારે કેયુરે પોતાના રૂપિયા અને સોનાની પરત માંગણી કરી, ત્યારે યુવતીએ ઝઘડો કરી તેને બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. ફરિયાદીએ આક્ષેપ કર્યો છે કે, યુવતીના મોબાઈલ સ્ટેટસમાં તેણે એક વ્યક્તિનું નામ 'પતિ' તરીકે રાખ્યું હતું. તપાસ કરતા જાણવા મળ્યું કે ખ્યાતી અન્ય પુરુષો સાથે પણ અનૈતિક સંબંધો ધરાવે છે અને તે માત્ર પૈસા પડાવવા માટે જ નિર્દોષ લોકોને નિશાન બનાવે છે. આ કાવતરામાં તેની સહેલી પણ સક્રિયપણે સામેલ હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

કેયુર દ્વારા અગાઉ કરવામાં આવેલી રજૂઆતો બાદ યુવતીએ રૂપિયા પરત આપવાની ખાતરી આપી પ્રોમીસરી નોટ લખી આપી હતી અને ચેક પણ આપ્યા હતા. જોકે, આ ચેક બેંકમાંથી પરત (બાઉન્સ) થતા કેયુરે રાજકોટ કોર્ટમાં ફોજદારી કેસ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની આગામી સુનાવણી ૨૫ મે ૨૦૨૬ ના રોજ નિયત કરવામાં આવી છે.

કેયુર જોષીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, યુવતી અને તેની સહેલી તેને અને તેના પરિવારને બદનામ કરવાની અને ખોટા કેસમાં ફસાવવાની સતત ધમકીઓ આપી રહ્યા છે. તેણે પોલીસ કમિશનરને નમ્ર અરજ કરી છે કે, આ બંને મહિલાઓ અને તપાસમાં ખુલે તે તમામ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૩૧૬, ૩૧૮, ૩૫૧(૨), ૩૫૨, ૩૦૮, ૬૧(૨) તથા હનીટ્રેપના ગુના હેઠળ એફ. આઈ.આર. નોંધી કડક પગલાં લેવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. યુવકે પુરાવા તરીકે વોટ્સએપ ચેટના સ્ક્રીનશોટ, કોલ રેકોર્ડિંગ્સ અને બેંકના દસ્તાવેજો સહિતની પેનડ્રાઈવ પણ પોલીસને સુપરત કરી છે. હાલ રાજકોટ પોલીસે આ લેખિત અરજીના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ડો.આંબેડકર જયંતી નિમિત્તે ગોઠવાયો ચૂસ્ત બંદોબસ્ત

## ૧૮૦૦ પોલીસ જવાનો તૈનાત : ૪ ડીસીપીના સુપરવિઝન હેઠળ સંવેદનશીલ વિસ્તારોમાં સાંજથી ફુટ પેટ્રોલિંગ, રેલી દરમિયાન ડ્રોનથી વોચ રખાશે

રાજકોટ, તા.૧૩

આજે રોજ ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીની સમગ્ર શહેરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. આ પ્રસંગે રાજકોટ શહેરમાં વિવિધ સંગઠનો દ્વારા વિશાળ શોભાયાત્રાઓ, રેલીઓ અને પુષ્પાંજલિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રાજકોટ પોલીસ કમિશનર સહિતના અધિકારીઓના નિરીક્ષણ હેઠળ લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.




બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિતે બંદોબસ્તમાં પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય માંડલિક, ડીસીપી ઝોન -૧ હેતલ પટેલ. ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા,ડીસીપી ટ્રાફિક એચ.એમ.જાડેજાના સુપરવિઝન હેઠળ ૭ એસીપી, ૧૮ પી.આઈ, ૫૭ પીએસઆઈ.૭૧૦ પોલીસ, ૧૪૮ મહિલા પોલીસ તેમજ ૬૦૦ હોમગાર્ડ, ૨૦૦ ટ્રાફિક બ્રિગેડ, ૨૫ વિડીયોગ્રાફર સહીત ૧૮૦૦ થી વધુ પોલીસ કર્મીઓ તૈનાત રહેશે. સમગ્ર બંદોબસ્તનું સુપરવિઝન ૪ ડીસીપી કક્ષાના અધિકારીઓને સોંપવામાં આવ્યું છે. તેમની સાથે સુરક્ષા વ્યવસ્થામાં કુલ ૧૮૦૦ જેટલા પોલીસ જવાનો શહેરના વિવિધ માર્ગો અને ચોક પર તૈનાત રહેશે. સ્થાનિક પોલીસની મદદ માટે એસઆરપી ની ટુકડીઓને પણ ઉતારવામાં આવી છે. ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ટ્રાફિક પોલીસ અને હોમગાર્ડના જવાનોને પણ વિશેષ જવાબદારી સોંપાઈ છે. પોલિસ દ્વારા આજ સાંજથી જ એક્શન પ્લાન અમલમાં મૂકી દેવામાં આવ્યો છે. શહેરના સંવેદનશીલ ગણાતા વિસ્તારોમાં પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ શરૂ કરી દેવાયું છે જેથી અસામાજિક તત્વો પર નજર રાખી શકાય. ગઈકાલે અને આજે શહેરના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શાંતિ સમિતિ ની બેઠકો યોજવામાં આવી હતી, જેમાં સ્થાનિક આગેવાનોને શાંતિપૂર્ણ રીતે ઉત્સવ ઉજવવા અપીલ કરવામાં આવી છે. શોભાયાત્રાના રૂટ પર ઊંચી ઈમારતો અને ડ્રોન કેમેરા દ્વારા સતત વોચ રાખવામાં આવશે.

રાજકોટના મુખ્ય માર્ગો જેવા કે હોસ્પિટલ ચોક, જિલ્લા પંચાયત ચોક અને અન્ય વિસ્તારો જ્યાંથી મોટી સંખ્યામાં અનુયાયીઓ ડો. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવા ઉમટી પડશે, ત્યાં બેરિકેડિંગ અને વિશેષ પોલીસ ચોકીઓ કાર્યરત કરવામાં આવી છે. શોભાયાત્રા દરમિયાન ડીજેના અવાજ અને કાયદાના પાલન અંગે પણ આયોજકોને સૂચનાઓ આપવામાં આવી છે. પોલીસ તંત્ર દ્વારા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ખાસ તકેદારી રાખવામાં આવશે.

### વાલકેશ્વર સોસાયટીમાંથી વિરલ ઉર્ફે વીરૂ અને પરસાણાનગરમાંથી સ્ટેનલી જેમ્સને IPL ની મેચમાં દાવ લેતાં ઝડપી લેતી પીસીબીની ટીમ : બુકી જયદીપ રાજપુત અને રાજુ કલાઈન્ટ નંબર ધારક વોન્ટેડ

# ક્રિકેટ સટ્ટો ખેલતા બે પંટર દબોચાયા, બુકીના નામ ખુલ્યા

રાજકોટ. તા.૧૩

શહેરમાં ઓનલાઈન આઈડીની સાથે ફોનની લાઈન પર ચાલતો ક્રિકેટ સટ્ટો પણ ધમધમ્યો છે. પીસીબીની ટીમે બે દરોડા પાડી બે પંટરને પકડી બુકીના નામ ખોલ્યા હતાં. વાલકેશ્વર સોસાયટીમાંથી વિરલ ઉર્ફે વીરૂ અને પરસાણાનગરમાંથી સ્ટેનલી જેમ્સને આઈપીએલની મેચમાં દાવ લેતાં પકડી લીધાં હતા.



પ્રાપ્ત વિગતો મુજબ પીસીબી પીઆઈ એમ. આર.ગોંડલીયાની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ વાલજીભાઈ જાડા સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતાં તે દરમિયાન વાલેકશ્વર સૌસાયટી પાસે આવતા વિરલ લોખીલ નામનો શખ્સ વાલકેશ્વર સોસાયટી શેરી નં.૮ ના ખુણે રોડ ઉપર પોતાના મોબાઇલમાં આઈપીએલની ક્રિકેટ મેચમાં ઓનલાઈન જુગાર રમે છે તેવી મળેલ બાતમીના આધારે ટીમે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઈ નામ પુછતા પોતે શ્રીનગર સોસાયટી શેરી નં.૫ વાણીયાવાડી મેઈન રોડ પર રહેતો વિરલ ઉર્ફે વીરૂ મહેશ લોખીલ (ઉ.વ.૩૫, રહે.) હોવાનુ જણાવ્યું હતું. પકડાયેલા શખ્સના મોબાઇલ ફોનની કોલ હીસ્ટ્રીમાં જોતા ૧ ઇયક્ષસ અફસિંઝાનિમથી સેવ કરેલ મો. નં. ૭૬૨૧૦૦૪૯૦૭ ઉપર કોલ કરેલ હોવાનુ જોવામાં આવેલ જે મોબાઇલ નંબર બાબતે પુછતા જણાવેલ કે પોતે આ મોબાઇલ નંબર ઉપર જયદીપ રાજપુત (રહે,ગાયત્રીનગર મેઈન રોડ ગોપાલનગર) સાથે વાત ચીત કરી આઈપીએલની ક્રિકેટ મેચમાં જુગાર રમતા હોવાનુ જણાવેલ હતું. પીસીબીની ટીમે વિરલ ઉર્ફે વીરૂની ધરપકડ કરી ક્રિકેટ સટ્ટાની લાઈન ચલાવનાર જયદીપ રાજપુત શોધખોળ આદરી છે.

જ્યારે વધુ એક દરોડામાં પીસીબી ટીમના હેડ કોન્સ્ટેબલ રાહુલગીરી ગોસ્વામી અને કોન્સ્ટેબલ દેવરાજભાઈ કળોતરાને પેટ્રોલિંગ દરમ્યાન જામનગર રોડ પર પરસાણાનગર શેરી નંબર ૪ ગૌરી એપાર્ટમેન્ટ પાસે જાહેરમાં એક શખ્સ પોતાના મોબાઈલમાં ઓનલાઇન જુગાર રમી રહ્યો છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઇ તેનું નામ પૂછતા પોતાનું નામ સ્ટેનલી વોલ્ટર જેમ્સ (૩૭),(રહે. ગૌરી એપાર્ટમેન્ટ પરસાણાનગર) હોવાનું જણાવેલ હતું. પીસીબીની ટીમે તેની પાસે રહેલ મોબાઈલ જપ્ત કરી તેમાં ચેક કરતા રાજુ ક્લાઈન્ટ નામથી સેવ કરેલ મોબાઈલ નંબર પર વાતચીત થયેલું સામે આવતા પકડાયેલ શખ્સે જણાવ્યું હતું કે, રાજુ ક્લાઈન્ટ નામના નંબર ધારક સાથે તે વાતચીત કરી આઈપીએલની ક્રિકેટ મેચમાં જુગાર રમી રહ્યો હતો. જેથી પોલીસે રાજુ ક્લાઈન્ટ નામના મોબાઈલ નંબર ધારકની શોધખોળ હાથ ધરી હતી.

**રાજ પેલેસ ચોકમા ઓનલાઈન આઈડી પર જુગાર રમતો કારખાનેદાર ઝડપાયો**

ડોક્ટર સોસાયટી પાર્કમાં રહેતો સ્વપનીલ સાવલીયા HE TIGER.247 .COM આઈડી પર સટ્ટો રમતો 'તો હોવાનું બહાર આવ્યું છે.

બુકીનુ નામ ખોલાવવા તજવીજ રાજ પેલેસ ચોકમા ઓનલાઈન આઈડી પર જુગાર રમતા કારખાનેદારને પીસીબીની ટીમે દબોચી લઈ કાર્યવાહી કરી હતી. તેમજ બુકીનુ નામ ખોલાવવા તજવીજ હાથ ધરી હતી. દરોડાની વિગત મુજબ, પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં એએસઆઈ મયુર પલારીયા, હેડ કોન્સ્ટેબલ રાહુલગીરી ગૌસ્વામી, નગીનભાઈ ડાંગર અને હિરેન સોલંકીને સાધુવાસવાણી રોડ, રાજ પેલેસ ચોકમા, પટેલ પાન પાસે સ્વપનીલ સાવલીયા નામનો શખ્સ મોબાઇલ ફોનમાં હાલમાં ચાલતી આઈપીએલ ક્રિકેટ મેચ પર જુગાર રમે છે તેવી ચોકકસ બાતમી મળતા પીસીબી ટીમે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઈ પૂછપરછ કરતા તેમણે સ્વપનીલ ઓધવજી સાવલીયા (ઉ.વ.૩૬ ધંધો.વેપાર, રહે. સાધુવાસવાણી રોડ, ડોક્ટર સોસાયટી પાર્ક -૧,બ્લોક નંબર-૨૫) હોવાનુ જણાવ્યું હતું.તે શખ્સ પાસે રહેલા મોબાઇલ ફોન જોતા ગુગલ ક્રોમ બ્રાઉઝરમાં THE TIGER.247. COM નામની આઈ.ડી.માં ક્રિકેટ મેચ પર જુગાર રમતો હોવાનું ખુલ્યું હતું. પકડાયેલ શખ્સ બાઇકની એસેસરીઝ બનાવવાનું કારખાનું ચલાવતો હોવાનું પણ સામે આવ્યું છે. હાલ પોલીસે આઈડી ક્યાં બુકી પાસેથી મેળવી તે અંગે તપાસ આદરી છે.

### સ્થાનીક સ્વરાજ્ય ચુંટણી પૂર્વે સ્થાનિક કાયદો અને વ્યવસ્થા તંત્ર હરકતમાં

# સતર્ક પોલીસે પીધેલા ૧૬- છરી સાથે ૧૧ને દબોચ્યા

## નાઈટ પેટ્રોલિંગમાં પોલીસ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ધોંસ બોલાવી: મારો વિસ્તાર હોવાનું કહી પરિવારને ધમકી

રાજકોટ,તા.૧૩

શહેર પોલીસ દ્વારા રવિવારે કોમ્બિંગ નાઈટ દરમિયાન શહેરના અલગ અલગ વિસ્તારમાંથી છરી સાથે ૧૧ શખસોને ઝડપી લીધા હતા. જ્યારે દારૂ પી નીકળેલા ૧૬ શખસો પોલીસની ઝપટે ચડી ગયા હતા જેની સામે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

હાલ સ્થાનીક સ્વરાજ્ય ચૂંટણીના માહોલમાં શહેરમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બનાવવા અને ગુનેગારો પર લગામ કસવા માટે શહેર પોલીસ દ્વારા કોમ્બિંગ નાઈટ કરવામાં આવી રહ્યું છે. દરમિયાન ગઈકાલ રવિવારની રાત્રિના પોલીસ દ્વારા કોમ્બિંગ નાઈટ કરવામાં આવી હતી જેમાં ૨૭ શખ્સો પોલીસની ઝપટે ચડી ગયા હતા. પોલીસે છરી સાથે ૧૧ અને દારૂ પી નીકળેલા ૧૬ શખ્સોને ઝડપી લીધા હતા.

શહેર પોલીસે કોમ્બિંગ નાઈટ દરમિયાન પોલીસે પીધેલી હાલતમાં ૧૬ શખસોને પકડી પાડ્યા હતા. જેમાં કુવાડવા રોડ પોલીસે નવાગામ આણંદ પર દેવનગર ઢોરા પાસેથી ભરત સાબડીયાને, થોરાળા પોલીસે ભાવનગર રોડ પરથી વિપુલ બાબરીયાને, આજીડેમ પોલીસે રાજકોટ ભાવનગર રોડ પરથી પાર્થકુમાર કાલાવડીયાને, પ્રનગર પોલીસે કીટીપરા ગાયકવાડીમાંથી રાજેશ ચૌહાણ, સિંધી કોલોની જુલેલાલ મંદિર પાસેથી જીતેન્દર રાછાબિન, સંતોષીનગર રેલવે ફાટક પાસેથી ફેલીક્ષ મકવાણાને અને રેલનગરમાંથી મહેશ સરવૈયાને, ગાંધીગ્રામ પોલીસે રામાપીર ચોકડી પાસેથી ગૌરાંગ રાઠોડને, યુનિવર્સિટી પોલીસે શીતલ પાર્ક હવેલી વાળી શેરીમાંથી વિજય વાળા, રૈયાધાર મફતીયા પરા માંથી રાહુલ કડવાતર અને રૈયા ગામ પાસે ભાવેશ લુણીયાતરને, માલવિયાનગર પોલીસે કે કેવી હોલ થી આગળ રોડ પરથી ભાવેશ મકવાણાને, એ ડિવિઝન પોલીસે રામનાથ પરાના પુલ પાસેથી તેજસ ડેરને, ભક્તિનગર પોલીસે સુલતાન ઉર્ફે ફલ્લો નોતીયારને, રાજકોટ તાલુકા પોલીસે માવડી કણકોટ રોડ નજીકથી દિનેશ પંડ્યા અને ૮૦ ફૂટ રોડ દ્વારકાધીશ ચોકમાંથી રાજા સરસિયાને પીધેલી હાલતમાં પકડી પાડી પ્રોહીબીશન હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.



ગંભીર ગુના પહેલા ૧૧ છરી સાથે પકડાયા

શહેરમાં ગંભીર પ્રકારના ગુનાને અંજામ આપે તે પૂર્વે પોલીસે છરી સાથે ૧૧ લુખ્ખાને પકડી પાડ્યા હતાં. જેમાં એ ડિવિઝન પોલીસે ભાણજી દાદાના પુલથી આગળ રોડ પરથી વિજય ધામેલને, પ્રનગર પોલીસે જામનગર રોડ પરથી સદામ શેખ અને સરકારી હોસ્પિટલના ગેટ સામેથી ધવલ વાઘેલાને, યુનિવર્સિટી પોલીસે રૈયાધાર રાણીમાં રુડીમાં ચોકમાંથી સુરેશ પરમારને, રાજકોટ તાલુકા પોલીસે કાલાવડ રોડ એ.જી ચોકમાંથી જગદીશ ઉર્ફે જગો સાડમિયાને, કુવાડવા રોડ પોલીસે નવાગામ આણંદ પર રોડ પરથી નિતીન જાંબુકીયા અને કુવાડવા ગામ વાંકાનેર ચોકડી પાસેથી રમેશ વાઘેલીયા, અમદાવાદ રાજકોટ હાઈવે સંદેશ પ્રેસ પાસેથી ભૂપત ચૌહાણને, ભક્તિનગર પોલીસે દોસ્તી ચોકમાંથી સમર સારને, થોરાળા પોલીસે ભાવનગર રોડ રાજમોતી મીલ સામેથી અશોક બાબરીયા ને, આજીડેમ પોલીસે કોઠારીયા મેન રોડ પરથી અરવિંદ દસાડીયાને હથિયાર સાથે પકડી પાડી ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

પરીવારને ખૂનની ધમકી

રૂષિપ્રસાદ સોસાયટી શેરીનં.૦૩ વેલનાથમાં રહેતાં સેજલબેન વિજયભાઈ સુરેલા (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે સાગર કાલીયાનુ નામ આપી જણાવ્યું હતું કે, તે મારવાડી કોલેજમા નોકરી કરે છે. ગઇ તા.૦૩ ના તેઓનું બીજુ ઘર એટર્ટીકા શેરી નં.૧૦ મા આવેલ છે ત્યા તેણી તેમની બહેન અને માતાપિતા સાથે જમવા ગયેલ હતી. તેઓ ત્યાંથી જમીને તેમના ઘર રૂષિપ્રસાદ સોસાયટી શેરીનં.૦૩ મા આવવા નિકળેલ હતા તે વખતે તેણી પાસે રહેલ સ્કુટી તે ચલાવતી હતી અને મારી બેન પાછળ બેસેલ હતી. બીજા એકટીવામા માતા પિતા હતા.રાત્રીના આશરે સવા અગ્યારેક વાગ્યાની આસપાસ ઘર પાસે લાપાસરી રોડ ખોખદડ પુલ પહેલા પહોંચતા રોડ ઉપર એક ભાઇ તેનુ એકટીવા રોડ વચ્ચે ઉભુ રાખી ફોનમા વાત કરતો હતો. જેથી બે ત્રણ વાર હોર્ન મારી સાઇડમા જવાનુ કહેલ તેમ છતા આ ભાઈ કોઈ જવાબ આપેલ નહિ જેથી માતાએ આ ભાઇને કહેલ કે ભાઈ તમારૂ એકટીવા સાઇડમા ઉભુ રાખી અમને જવાદો તો આ ભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ માતા-પિતાને ગાળો બોલવા લાગેલ હતો.

તેમજ કહેવા લગેલ કે, આ એરીયો મારો છે, અને રોડ ઉપર આમ જ ઉભો રહીશ, તારે અહિ નિકળવુ હોય તો સાઇડ માથી જતા રહેવાનુ, ખોટા હોર્ન મારવા નહીં જેથી પિતાએ આ ભાઈને ગાળો બોલવાની ના પાડતા તે શખ્સે નેફામાથી એક છરી કાઢી બતાવેલ અને કહેલ કે, આ કોઈની સગી નહિ થાય, ચુપ ચાપ જતો રહે નહિતર જાનથી મારી નાખીશ જેથી બેન નંદની ખુબજ ડરી જતા તેઓ સાઇડમાથી નિકળી ગયેલ હતા. તેમ છતાં તે શખ્સ તેમનું એકટીવા જેમનુ તેમ રાખી ગાળો બોલતો હતો. નદિના પુલના સામે છેડે સગા સતિષભાઈ ઉભેલા હતા તેને આ ભાઈ વિષે પુછતા તેઓએ જણાવેલ કે, આ ભાઈની રોજની માથાકુટ છે, તેનુ નામ સાગર કાલીયા છે. બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડી કાયદાનું ભાન કરાવવા તજવીજ આદરી હતી.

### સમાજનો રોષ શું ભાજપ ભોગવશે ?

# શહેરના ભાજપ અગ્રણીઓએ રઘુવંશી સમાજ સાથે રમી રમત

## પક્ષ માટે દિવસ રાત એક કર્યા હોય તેવાઓને ટિકીટ આપવાના બદલે નેતાઓના ‘ટાઉટ’ અને ચાપલુશીયાઓને ટિકીટ અપાયાની રઘુવંશી મહિલા અગ્રણીઓની હૈયાવરાળ

> * રાજકીય નેતાઓના ભત્રીજા, ભાણેજ અને પી.એ.ને ટિકીટ અપાતી હોય તો સનિષ્ઠ કાર્યકરોને કેમ નહીં ? : વિવિધ સમાજના આગેવાનોમાં રોષ
> * પ્રદેશ અધ્યક્ષ સુધી રજૂઆત ન કરવા દેવા ધારાસભ્યએ ચુપ થઈ જાઉ, ચુપ થઈ જાઉ... કહી વાત ટાળવાનો પ્રયાસ કર્યાની ચર્ચા

રાજકોટ, તા. ૧૩

સ્થાની સ્વરાજ્યની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યાં છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાની ૭૨ બેઠકો પર જે ભાજપે ટિકીટ વહેંચણી કરી છે તેનાથી અનેકવિધ સમાજોમાં રોષ ભભૂકી ઉઠયો છે. રઘુવંશી સમાજ એ સમાજ છે કે જ્યારે કંઈ ખોટુ થયું હોય તો પુરૂષ સભ્યો દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો હોય ત્યારે આ વખતે ટિકીટ વહેંચણીમાં મહિલાઓએ પણ વિરોધ નોંધાવ્યો છે. ખાસ કરીને વોર્ડ નં.૨માં પક્ષ દ્વારા રઘુવંશી તથા બ્રહ્મસમાજની સંપૂર્ણ અવગણના કરી છે તેનાથી સ્થાનિકોમાં તો રોષ વ્યાપી ઉઠયો છે. પરંતુ સમાજનાં શ્રેષ્ઠીઓ પણ પક્ષના નિર્ણયથી નાખુશ છે ત્યારે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા રાજકોટ આવ્યા હતાં તે સમયે આરસ હોલ ખાતેની બેઠકમાં રઘુવંશી સમાજના મહિલા અગ્રણી તથા વિશ્વહિન્દુ પરિષદમાં કાર્યકર્તા મિતાબેન સોમૈયા (સોનુબેન)એ પોતાની હૈયાવરાળ ઠારવી હતી અને રઘુવંશી સમાજને ટિકીટ ન આપવા મામલે પોતાનો રોષ વ્યકત કર્યો હતો. ‘રાજકોટ મિરર’ સાથેની ટેલીફોનીક વાતચીતમાં મિતાબેને જણાવ્યું હતું કે તેઓ વિશ્વ હિન્દુ પરિષદમાં છેલ્લા ઘણા વર્ષોથી કાર્ય કરી રહ્યાં છે અને પરિષદ દ્વારા જ તેઓને વોર્ડ નં.૨ માંથી ચૂંટણી લડાવવાની વાત કરી હતી પરંતુ વોર્ડ નં.૨માં અન્ય રઘુવંશી આગેવાનો દ્વારા દાવેદારી પણ કરવામાં આવી હતી ત્યારે તેઓએ સ્પષ્ટતા કરતાં કહ્યું હતુ કે જો મનીષ રાડિયા ચૂંટણી લડતાં હોય તો તેઓએ નથી લડવી પરંતુ મનીષભાઈ સમક્ષ વય મર્યાદાનું કારણ હોવાના પગલે તેઓને ટિકીટ મળી ન હતી અને મિતાબેનને દાવેદારી કરવા જણાવ્યું હતું. દરેક સ્તરે લાયકાત ધરાવનાર મિતાબેનની ટિકીટ કપાતા તથા વોર્ડ ૨માં એક પણ રઘુવંશીને ટિકીટ ન મળતાં ભારે રોષ જોવા મળ્યો ત્યારે તેઓએ જણાવ્યું કે તેમને ટિકીટ ન મળી તેનું દુઃખ નથી પરંતુ રઘુવંશી સમાજની બાદબાકી કરવામાં આવી છે તેનો વિરોધ છે અને તેનું દુઃખ છે.

સ્વ.વિજય રૂપાણી જ્યારે મુખ્યમંત્રી હતાં અને ટિકીટ વહેંચણીનો પ્રશ્ન આવ્યો હતો ત્યારે પણ તેઓએ વોર્ડ ૨માં રઘુવંશી તથા બ્રહ્મસમાજને જ ટિકીટ અપાવી હતી. કારણ કે વોર્ડ નં.૨ આ બન્ને જ્ઞાતિઓનો ગઢ છે અને અહિં ભાજપના કમીટેડ વોટર વસવાટ કરે છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, જ્યારે ઉમેદવારના ક્રાઈટ એરિયા નક્કી કરવામાં આવ્યા હતાં તે સમયે પ્રદેશ પ્રમુખે કહ્યું હતું કે, જે કાર્યકરોએ કાપલીઓ, પેમપ્લેન્ટ તથા પાથરણા ઉપાડયા હશે તેઓને ટિકીટ આપવાનમાં આવશે. પરંતુ આ વખતે મહાનગરપાલિકાની ચૂંટણી અંતર્ગત જે ટિકીટો આપવામાં આવી છે તેનાથી જે તે નિયમનો છેદ ઉડી ગયો છે. જે વાતની ગંભીરતાને ધ્યાને લઈ તેઓ પ્રદેશ અધ્યક્ષ સુધી પહોંચ્યા હતાં અને તેમનો વિરોધ નોંધાવ્યો હતો. વધુમાં તેઓએ કહ્યું કે, જ્યારે તેઓ પ્રદેશ અધ્યક્ષને રજૂઆત કરવા પહોંચ્યા તે સમયે અંજલીબેન રૂપાણી, કાશ્મીરાબેન નથવાણી સહિતના મહિલા આગેવાનો ઉપસ્થિત હતાં અને તેઓને શાંત પાડવા માટેના પણ અનેકવિધ પ્રયત્નો કરવામાં આવ્યાં. એટલું જ નહીં તેઓએ આક્ષેપ પણ કર્યો હતો કે, આ વખતે રાજકીય નેતાઓના ભત્રીજા, ભાણેજ તથા પી.એ.ને ટિકીટ આપી કાર્યકરોનું અપમાન કરવામાં આવ્યું છે. જેની નુકસાની પાર્ટીને મતદાન વખતે થઈ શકે છે. જે ખરા અર્થમાં કોઈ કાર્યકર ઈચ્છતું નથી.



મિતાબેન સોમૈયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, જ્યારે પ્રદેશ અધ્યક્ષ સાથે ચર્ચા શરૂ કરી ત્યારે તેઓએ તેમને પાસે બેસાડી રજૂઆત સાંભળી હતી. પરંતુ દુઃખ એ વાતનું થયું કે તેઓએ કોઈ નક્કર જવાબ અથવા તો પ્રતિક્રિયા ન આપી અને માત્ર જોઈ લેશું કહી અન્ય મહિલાઓ સાથે વાતચીત શરૂ કરી દેવામાં આવી. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે સમાજ છે તો ભાજપ છે. કાર્યકર્તા છે, જનસંઘ છે તો ભાજપ છે. ત્યારે ભાજપના નેતાઓએ કાર્યકરોને માન મર્યાદા સાથે બોલાવવામાં આવે તે ખુબ જરૂરી છે. તેઓએ આક્ષેપો કરતાં કહ્યું હતું કે, ધારાસભ્ય દર્શિતાબેન શાહ દ્વારા આ પ્રકારનું વર્તન કરવામાં આવ્યું તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી. સાથોસાથ શું તેઓએ તેમની ખુરશી બચાવવા કાર્ય કર્યુ કે કેમ ? તે અંગે પણ અનેકવિધ સવાલો ઉભા થયા છે. સોનુબેને માહિતી આપતા કહ્યું હતું કે, હાલ જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે તેનાથી સમાજનો રોષ ભાજપે સહન કરવો પડશે. કારણ કે જે કાર્યકર પોતાની કારકિર્દી જોખમમાં મુકી પક્ષ માટે કાર્ય કરતું હોય તો તેને આક્રોશ વ્યકત કરવાનો પણ હક છે. વધુમાં તેઓએ ધારાસભ્ય સમક્ષ આક્ષેપો કરતાં કહ્યું હતું કે, દર્શિતાબેનનું કહેવું હતું કે ઉમેદવારનું ફાયનાન્સીયલ સ્ટેટસ નબળુ હોય તો ટિકીટ ન આપી શકાય જે વાતનો કોઈ મતલબ નથી રહેતો. એટલું જ નહીં દર્શિતાબેન શાહ એવું વ્યક્તિત્વ છે કે જે કોઈનું સાંભળતાં નથી અને કાર્યકરોને અવગણે છે. અંતમાં તેઓએ માહિતી આપતાં કહ્યું હતું કે, જ્યારે તેઓ પ્રદેશ અધ્યક્ષ સમક્ષ રજૂઆત કરવા પહોંચ્યા ત્યારે દર્શિતાબેન શાહે અનેક વખત ચુપ થઈ જાઉ, ચુપ થઈ જાઉ કહી ને મામલો શાંત પાડવાની કોશિષ કરી હતી. એટલું જ નહીં સાથો સાથ તેઓએ આક્ષેપ પણ કર્યો કે વાયા મીડિયા દ્વારા આ પ્રકારના નિવેદનો ન આપવા માટે પણ કહેવડાવ્યું છે તો કયાંકને કયાંક એવી ચર્ચાએ જોર પકડયું છે કે ધારાસભ્યએ ૩૦ થી ૩૫ લાખ લીધેલા છે અને ટિકીટ વહેંચણી કરી છે.

### કોઈ ચોક્કસ સિન્ડીકેટે ભ્રષ્ટાચાર સાથે અવાજ ન ઉઠાવી શકે તેવું કાવતરું રચ્યાની શંકા

ચોક્કસ રઘુવંશી આગેવાનોએ ભાજપ મવડી મંડળ પાસે એવી વાત પહોંચાડી છે કે શહેરની એક ચોક્કસ સિન્ડીકેટ ચૂંટણી બાદ થનારા ભ્રષ્ટાચારમાં કોઈ વિરોધ ન કરે તે માટે જબરદસ્ત ખેલ રચ્યો હોવાની ચર્ચા છે. ઉચા ભાવે ટેન્ડર આપી દેવા, બારોબાર કોન્ટ્રાકટ આપ્યા હોય અથવા તો ભરતી કૌભાંડ હોય આ બાબતે વિરોધ કરનારા મોટા આગેવાનોને કાપી નાખવામાં આવ્યા હોવાનું જાણકાર વર્તુળોએ જણાવ્યું હતું. જે આગેવાનોએ વિરોધ કર્યો તેમાં વિનુ ધવા, અશ્વિન પાંભર, મનીષ રાડિયા, નેહલ શુકલ, નરેન્દ્ર ડવ સહિતના નામ લઈ શકાય. આ એ લોકો છે કે જેઓએ ભ્રષ્ટ લોકોનો વિરોધ કર્યો હતો. ત્યારે રાજકોટમાં લોકોના પ્રશ્નો રજૂ કરનાર સક્રિય કોર્પોરેટરોની બાદબાકી ચોક્કસ મલીન ઈરાદાઓ પાર પાડવા માટે જ કરાઈ હોય તેવી ચર્ચા જાગી છે.



## કપાયેલા આગેવાનોની સાથોસાથ વિવિધ સમાજમાં પણ ટિકિટ વહેંચણીને લઈ ભાજપ પ્રત્યે નારાજગી : સ્થાનિક સંકલન થયું ન હોવાની પણ ફરિયાદ

# પ્રદેશ અધ્યક્ષનું ડેમેજ કંટ્રોલ છતાં ઉકળતો ચરું ?

રાજકોટ, તા. ૧૩

સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રાજકીય પક્ષો દ્વારા જે ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી પરંતુ દરેક રાજકીય પક્ષમાં આ વખતે ટિકિટ વહેચણીને લઈને ભારે ઉહાપો જોવા મળ્યો છે. રાજકોટ મહાનગરપાલિકા ની વાત કરવામાં આવે તો આ ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે ભાજપ દ્વારા જે ટિકિટ આપવામાં આવી છે તેને લઈને વિવિધ સમાજમાં ભારે રોષ વ્યાપી ઊઠ્યો છે. અને તે વાતની ગંભીરતાને ધ્યાને લઈને હાલ પ્રદેશ અધ્યક્ષ ડેમેજ કંટ્રોલ કરવા રાજકોટ પણ પહોંચ્યા હતા પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ જે ડેમેજ કંટ્રોલ કરવામાં આવ્યો છે તે થયો છે કે કેમ તે અંગે હજી કોઈ સ્પષ્ટતા થઈ નથી. ઊલટું સમાજમાં ઉકળતો ચરું જોવા મળ્યો છે. વિવિધ આગેવાનોએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે પોતાના લાગતા વળગતા લોકો અને પરિવારને ટિકિટ અપાવવામાં ભાજપના જૂજ આગેવાનો સફળ થયા છે.

જે વાતનો રોષ દરેક સમાજમાં જોવા મળ્યો છે. પ્રદેશ અને સ્થાનિક કક્ષાએથી હાલ આગેવાનો તથા સમાજના શ્રેષ્ઠિઓને મનાવવાના તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે જેથી તેની અસર મતદાન પર ન પડે. પરંતુ જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર હાલ આંતરિક સ્તરે પક્ષ માટે આગેવાનો તથા સમાજને ભારે નારાજગી છે ત્યારે આ નારાજગી મતદાન સમયે પણ જોવા મળે તો નકારી ન શકાય. મળતી માહિતી મુજબ રોષ એ પ્રકારે ભભૂક્યો છે કે જ્યારે પ્રદેશ પ્રમુખે એ તમામ આગેવાનોને મળવા બોલાવ્યા ત્યારે આગેવાનો હોય સ્પષ્ટ કહ્યું હતું કે જે ઉમેદવારને પાર્ટીની ખબર ના હોય અથવા તો લોકો વચ્ચે તેનો સંપર્ક ના હોય તેવા આગેવાનોને ટિકિટ આપી દેવી તે યોગ્ય નથી. સામે વર્ષોથી જે કાર્યકરોએ દિવસ રાત જોયા વગર પાર્ટી ના હિત માટે કામ કરેલું હોય તે તમામ ની અવગાણા કરવી તથા સમાજની અવગણના કરવી તે પાર્ટીના હિતમાં નથી અને ખરા અર્થમાં તે સ્થિતિનું નિર્માણ થયું છે જે અયોગ્ય છે. ઘણા ખરા રાજકીય વર્તુળોમાં ચર્ચા થઈ રહી છે કે પ્રદેશ પ્રમુખ દ્વારા આગેવાનોને સાંભળવામાં આવ્યા હતા કે પછી મામલાને નીપટાવવા આગેવાનોને બોલાવ્યા હતા. ? હાલ આ મામલે અનેકવિધ ચર્ચાઓ થઈ રહી છે. જે આગેવાનો ને પ્રદેશ પ્રમુખે બોલાવ્યા તેઓએ વ્યક્તિગત તેમની હૈયા વરાળ ઠાલવી હતી જેમાં તેઓએ વ્યક્તિગત કારણો અંગે પણ ચર્ચા કરી હતી જેમાં ટિકિટ માં નામ સૂચવવા માટે સ્થાનિક સંકલન સાથે કોઈપણ બાબતની ચર્ચા થઈ ન હોવાની પણ ફરિયાદ પ્રદેશ પ્રમુખ સામે કરવામાં આવી હતી. ત્યારે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર હાલ જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે તેનાથી શું ભાજપને કેટલું નુકસાન થશે તે તો આવનારો સમય જણાવશે પરંતુ હાલની સ્થિતિએ તો એક બે સમાજમાં નહીં પરંતુ અનેકવિધ સમાજમાં ભાજપની નીતિ સામે રોષ ભભૂકી ઉઠ્યો છે. અને ખાસ તો ધારાસભ્યો દ્વારા જે રીતે ટિકિટો નક્કી કરવામાં આવી તેની સામે પણ અનેકવિધ સવાલો ઊભા થયા છે. ઘણા ખરા વોર્ડના આગેવાનો અને સંપર્કસુત્રો સ્પષ્ટ કહે છે કે જે વ્યક્તિને પાર્ટી શું હોય તે ખબર નથી છતાં પણ તેમના દ્વારા તેઓને જે ટિકિટ આપી છે તે સંપૂર્ણ અયોગ્ય છે.

# રાજકોટ મનપાની ૭૨ બેઠકો માટે ૫૫૪ ફોર્મ, મંજૂર ૨૪૩

## ભાજપ, કોંગ્રેસના ૭૨ ઉમેદવારોના ફોર્મ મંજૂર, જ્યારે આમ આદમી પાર્ટીના ૭૦ ફોર્મ ગ્રાહ્ય



રાજકોટ તા. ૧૩

સમગ્ર રાજયમાં હાલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી ગયા છે ત્યારે ગઈકાલે મહાનગરપાલિકા સહિતની ચૂંટણીઓ માટે જે ઉમેદવારોએ નામાંકન પત્ર ભર્યા હતા તેની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ઘણા ખરા ફોર્મ રદ પણ થઈ ચૂક્યા હોવાની વાત સામે આવી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે વિવિધ રાજકીય પક્ષોના ૫૫૪ ઉમેદવારોએ દાવેદારી કરી હતી જેમાંથી ફોર્મ ચકાસણી બાદ ૨૪૨ ફોર્મને તંત્ર દ્વારા માન્ય કરવામાં આવ્યા છે. જેમાંથી ૩૦૦ થી વધુ ફોર્મ રદ થઈ ચૂક્યા છે. ભારતીય જનતા પાર્ટી, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના ૭૨ ઉમેદવારો ને મંજૂર કરવામાં આવ્યા છે જ્યારે આમ આદમી પાર્ટી ના ૭૧ ઉમેદવારો ના ફોર્મ મંજૂર કરાયા છે જેમાંથી વોર્ડ નંબર ૨માં આમ આદમી પાર્ટીના ઉમેદવાર પ્રતાપ લોખીલને પાર્ટીએ મેન્ડેટ ન આપતા તેમનું ફોર્મ રદ થયું હતું.

આમ આદમી પાર્ટી ની સાથો સાથ અન્ય અપક્ષના ઉમેદવારોએ જે ઉમેદવારી ફોર્મ ભર્યા હતા તેમાં ક્ષતિઓ અથવા તો ઉમેદવારી ફોર્મ અધૂરા હોવાનું જાણ થતા તેમના પણ ફોર્મ રદ કરી દેવામાં આવ્યા છે સાથોસાથ રાજકીય પક્ષોના ડમી ઉમેદવારોને પણ રદ કરવામાં આવ્યા હોવાનું સ્થાનિક પ્રશાસનના સૂત્રોએ જણાવ્યું હતું. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની આ ચૂંટણીમાં ભાજપ દ્વારા સૌથી વધુ ૨૪૩ ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યા હતા, જયારે કોંગ્રેસ પક્ષ દ્વારા ૧૪૪, આમ આદમી પાર્ટી દ્વારા ૧૨૯, બહુજન સમાજ પાર્ટી દ્વારા ૧૦ અને અપક્ષ તેમજ અન્ય ઉમેદવાર મળી ૨૮ ફોર્મ ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

જેમાં ભાજપ કોંગ્રેસ અને આપનાં તમામ ડમી ઉમેદવારોના ફોર્મ આપોઆપ રદ થતા હવે ભાજપના ૭૨, કોંગ્રેસના ૭૨ અને આમ આદમી પાર્ટીના ૭૧, બહુજન સમાજ પાર્ટીના ૮ અને અપક્ષના ૧૯ જેટલા ઉમેદવારી ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે. ચકાસણી દરમિયાન અનેક વોર્ડમાં રાજકીય પક્ષોના ઉમેદવાર વચ્ચે ઘર્ષણ પણ થયું હતું જેમાં વોર્ડ નંબર ૧૧ અને ૧૪માં ભાજપના ઉમેદવારના સોગંદનામાં ક્ષતિ હોવાનો આક્ષેપ કોંગ્રેસના ઉમેદવારો દ્વારા કરવામાં આવ્યો હતો અને યોગ્ય તપાસની માંગ પણ ઉચ્ચારી હતી.

વિગતવાર વાત કરવામાં આવે તો વોર્ડ નંબર એકમાં ભાજપ, કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીના કુલ ૧૨ ઉમેદવારો ના ફોર્મ મંજૂર કરવામાં આવ્યા છે સાથોસાથ અપક્ષનું એક ફોર્મ પણ ગ્રાહ્ય રાખવામાં આવ્યું છે. બીજી તરફ વોર્ડ નંબર બે માં ભાજપ અને કોંગ્રેસના ચાર ચાર ઉમેદવારો તથા આમ આદમી પાર્ટીના ત્રણ ઉમેદવાર અને અપક્ષના એક ઉમેદવારનું ફોર્મ મંજૂર કરવામાં આવ્યું છે.વોર્ડ નં.૩માં ૩૮ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા જેમાંથી ૧૪ ફોર્મ માન્ય અને ૨૪ ફોર્મ અમાન્ય રહ્યા હતા.

આ ઉપરાંત વોર્ડ નં.૪માં ભાજપના ૪, કોંગ્રેસના ૪, આપનાં ૪, બસપા-૧ અને ચાર અપક્ષના ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે. વોર્ડ નં.૫માં કોંગ્રેસ ૪, ભાજપ ૪ અને આપના ૪ ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા છે જયારે ૧ અપક્ષનું ફોર્મ અધુરી વિગતના કારણે રદ્દ કરવામાં આવ્યું છે. વોર્ડ નં.૬માં ભાજપ કોંગ્રેસ અને આપનાં ૪-૪ ફોર્મ માન્ય રહ્યા છે. આવી જ રીતે વોર્ડ નં.૭માં પણ ભાજપ કોંગ્રેસ અને આપનાં ૧૨ ફોર્મ માન્ય રહ્યા છે. વોર્ડ નં.૮માં ૧૪ ફોર્મ માન્ય રખાયેલ છે જયારે વોર્ડ નં.૯માં ભાજપના ચાર કોંગ્રેસના ચાર આપના ચાર અને ફોર્મ માન્ય રાખવામાં આવેલ છે. વોર્ડ નંબર ૧૦ ની વાત કરવામાં આવે તો ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના બાર ઉમેદવારોના ફોર્મ મંજૂર કરાયા છે અને બહુજન સમાજવાદી પાર્ટીનું એક ફોર્મ મંજૂર કરવામાં આવ્યું છે.

વોર્ડ નંબર ૧૧ ની જો વાત કરવામાં આવે તો ત્રણેય રાજકીય પક્ષોના બાર ઉમેદવારો ની સાથે બહુજન સમાજ પાર્ટી અને અપક્ષના એક એક ઉમેદવારના ફોર્મ મંજૂર કરાયા છે. વોર્ડ નંબર ૧૨માં ભાજપ, કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીના કુલ ૧૨ ઉમેદવારોના ફોર્મ મંજૂર થયા છે. જયારે વોર્ડ નં.૧૩માં ભાજપ કોંગ્રેસ આપ અને અપક્ષના ૧૫ ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે અને ૧૯ ફોર્મ અમાન્ય ઠેરવાયા છે. વોર્ડ નં.૧૪ના ભાજપ કોંગ્રેસ અને આપનાં તમામ ૧૨ ઉમેદવારોના ફોર્મ માન્ય ઠેરવાયા છે અને અન્ય ૧૮ ઉમેદવારોના ફોર્મ અમાન્ય ઠેરવવામાં આવેલ છે.

જયારે વોર્ડ નં.૧૫માં ભાજપ કોંગ્રેસ અને આપના ૧૨ ઉમેદવારો તેમજ અપક્ષ ઉમેદવારો મળી કુલ ૧૭ ઉમેદવારોના માન્ય રખાયા છે અને ૧૮ ઉમેદવારોના ફોર્મ અમાન્ય ઠેરવવામાં આવેલ છે. વોર્ડ નંબર ૧૬માં ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના બાર ઉમેદવારની સાથે અપક્ષના એક ઉમેદવાર એટલે કે કુલ ૧૩ ઉમેદવારના ફોર્મ મંજૂર કરવામાં આવ્યા છે. વોર્ડ નંબર ૧૭ માં પણ કુલ ૧૩ ઉમેદવારના ફોર્મ મંજૂર કરવામાં આવ્યા છે જેમાં ૧૨ ભજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી અને બાકી રહેતા એક અપક્ષ ઉમેદવારનું ફોર્મ મંજુર કરાયું છે. અંતમાં વોર્ડ નંબર ૧૮માં ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના બાર ઉમેદવાર તથા બીએસપી ના એક અને અપક્ષના એક ઉમેદવાર એમ કુલ ૧૪ ઉમેદવારોના ફોર્મ મંજુર કરવામાં આવ્યા છે. અત્યારે કહી શકાય કે કુલ ૨૪૨ ફોર્મ મંજૂર કરાયા છે. ઉમેદવારી ફોર્મની ચકાસણી બાદ હવે ઉમેદવારો તા.૧૫ના નામાંકન પત્રો પરત ખેંચી શકશે. જેની સાથે જ કોર્પો.ની ચૂંટણી ચીત્ર સ્પષ્ટ થશે.